ધી ઇસ્માઇલી સોસાયટી સીરીઝ.

શાહબુદ્દીન શાહ અલ હુસેની

કૃત

# હકીકતે દીન

યાને

# ધર્મનો ખરો અર્થ

# ૧

અનુવાદક

વલીમહમદ નાનજી હુદા.

આવૃતિ ૨જી ]         ૧૯૫૧         [ નકલ ૨૦૦૦

---

"ઇસમાઇલીઆ એસોસિએશન" મુંબઈ માટે પ્રેસ સેક્રેટરી **મી. વી. એન. હુદાએ** ઇસમાઇલી પ્રિન્ટીંગ પ્રેસ, ભીમપુરા, ડોંગરી, મુંબઇ, નં ૯ માં છાપી તેજ ઠેકાણેથી પ્રગટ કર્યું.

---

કિંમત રૂા. ૧)

# પ્રસ્તાવના.

(આવૃતિ બીજી)

આ કૃતિની પહેલી આવૃતિ સને ૧૯૪૭ માં "ઇસમાઇલી સોસાયટી" તરફથી ગુજરાતી સીરીઝ નં. ૧ તરીકે બ્હાર પાડવામાં આવી હતી, જેની બે હજાર પ્રતો ચાર વર્ષ જેટલા ટુંકા ગાળામાં ખલાસ થઇ જવાથી આ બીજી આવૃતિ "ઇસમાઇલી પ્રિન્ટીંગ પ્રેસ" તરફથી પ્રગટ કરવામાં આવે છે.

ઇસમાઇલીઓની રોજીન્દી બન્દગી દુઆમાં પડવામાં આવતી પીરોની પુઢીયામાં ૪૮મા પીર ખલિલુલ્લાહ અલી ઉર્ફે પીર શહાબુદીન શાહની આ કૃતિ ઇસમાઇલી સિધ્ધાંતોના અર્કરૂપ છે, તેથી દરેક ઇસમાઇલીએ તેનો બારિક અભિયાસ કરવો જોઇએ; વળી મૌલાના હાઝર ઇમામે પણ આ પુસ્તિકાનું વાંચન કરવા મીશન સ્ટુડન્ટસોને પણ ભલામણ કરેલી છે એથી એની કેટલી મહત્તા છે તે સમજી શકાશે.

આ કૃતિ સંબંધમાં પહેલી આવૃતિની પ્રસ્તાવનામાં લંબાણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે એટલે અહિં વધારે નહિ લખતાં આ પુસ્તિકા દરેક ઇસમાઇલી વાંચે, વિચારે અને તેમાંનો બોધ દિલમાં ઉતારી તે મુજબ અમલ કરે એવું ઇચ્છું છું.

મુંબઇ,
તા. ૧લી મે સને ૧૯૫૧.

**વી. એન. હુદા**

# પ્રસ્તાવના.

## ( આવૃતિ પહેલી )

ઇસ્માઇલી મજહબના પ્રધાનભુત સિધ્ધાંતોના સત્વ ઉપરનો આ ટુંકો નિબંધ ઇસમાઇલી સિધ્ધાંતના સામાન્ય અને તે ફીરકાના નીઝારી શાખામાં થયેલા તેના વિકાસના ખાસ અભ્યાસને લગતો અગત્યનો પ્રસ્તાવ રચે છે. વિદ્વાનો તેમજ વધારે કેળવણી નહિ પામેલા લોકો-દરેકને તેનો લાભ મળે એવો કર્તાએ ઇરાદો રાખેલ હોવાથી એની રચનામાં બધાં સાંકેતિક તત્વો અથવા પૃથકકરણ અને અઘરાં સિધ્ધાંતનો સંભાળપુર્વક ત્યાગ કરવામાં આવ્યો છે. મનુષ્યના આત્માના ધાર્મિક જીવનના સ્વભાવમાં ઘણી જગ્યાએ કર્તા પોતાનું ઊંડુ અને પુર્ણ જ્ઞાન બતાવી આપે છે અને ઘણી એવી મોજુદ કૃતિઓ કરતાં વધારે પ્રમાણમાં તેની ગતીના ઘણાંજ ગુહ્ય આધ્યાત્મિક બાબતનાં ઝરાઓને અંહિતંહી ખુલ્લાં કરી દે છે.

લેખક મર્હુમ પીર શાહબુદીનશાહ ઇસમાઇલી નીઝારી શાખાના ૪૭મા ઇમામ આગા શાહ અલીશાહના ફરજંદ થતા હતા અને તેઓશ્રીએ તેમને પીરાતનનો મહાન દરજો સોંપ્યો હતો. મુંબઇ અને પુનાના વૃધ્ધ માણસો તેમને એક આગળ પડતા શકિતશાળી અને અસાધારણ વિદ્વતાવાળા યુવાન તરીકે હજી યાદ કરે છે. તેમની કોમના અનુયાઇયોજ ફકત તેઓશ્રી

તરફ ચાહ ધરાવતા હતા એટલુંજ નહિ પણ તેઓશ્રીના ધર્મના વિરોધીયોમાંએ ભારે સન્માન મેળવતા રહીને ઇસમાઇલી જનતામાં તેઓ ભારે મોભો ભોગવતા હતા. હી. સ. ૧૩૦૨ના રજબ માસના અંતમાં અને ઇ. સ. ૧૮૮૫ના મે માસની શરૂઆતમાં ફકત ૩૪ વર્ષ જેટલી ન્હાની વયે તેમના થયેલા અકાળ અવસાનને લીધે જનતા તેમનામાં જે ભારે આશા સેવી રહી હતી તે બર આવી શકી નહિ.

તેમની હાલની આ કૃતિ અપુર્ણ રહી જવા પામી છે. તેના છેવટના ભાગમાં કર્તાએ પોતે જણાવ્યું છે તેમ આકૃતિ બે ભાગમાં વ્હેંચી નાંખવાની હતી. હાલની હસ્તલિખિત પ્રતમાં ઇસમાઇલી સિધ્ધાંતોની ખરી સમજ બાબતના ખુલાસાને લગતો પહેલોજ ભાગ મળી આવે છે કે જે ઘણું કરીને મુળ લખાણ ઉપરથી સારે અક્ષરે લખેલી નકલ છે. પવિત્ર અને સદગુણી જીન્દગીને લગતા નિયમોનો ખુલાસો કરે એવો બીજો ભાગ લખાણો હતો કે નહિ તેની કાંઇ માહિતી મળી શકતી નથી. પ્હેલો ભાગ પોતેજ સંપુર્ણ કૃતિ રૂપે છે, જો કે તેમાં અહિં તહીં એવી વિગતો આવે છે કે જેનો સમ્પુર્ણ ખુલાસો બીજા ભાગમાં આપવામાં આવત એવું દેખાઈ આવે છે.

ફારસીમાંથી અંગ્રેજીમાં તરજુમો કરનાર મી. ડબલ્યુ ઇવેનોવના જણાવ્યા મુજબ કૃતિની બાબતમાં ઘણે ભાગે ઉતાવળ કરવામાં આવી હોય એવા ચિન્હો છે તેમજ નજર ચુકથી ઘણી ભુલો રહી જવા પામી છે. કેટલીક જગ્યાએ એક વાકય બહુ

વચનમાં શરૂ થઈ એક વચનમાં પુરૂં થાય છે અને એજ રીતે એક વચનમાં શરૂ થઇ બહુ વચનમાં પુરૂં થાય છે અથવા બીજા પુરૂષ સર્વનામથી શરૂ થઇ ત્રીજા પુરૂષ સર્વનામથી પુરૂં થાય છે વગેરે. જો કે સામટી રીતે જોતાં એવી ભુલો નજીવી છે.

મુળ પ્રતમાં “બાબ” અથવા “ફસ્લ” જેવા પેટા વિભાગો પાડેલાં નથી, પણ બાબતો બરાબર મળી આવે એ ખાતર વધારે અથવા ઓછી બાબતો બતાવનારા દરેક વિષયોના વિભાગ ઉપર મદદ રૂપ બને એવાં મથાળા અંગ્રેજી તરજુમામાં આપવામાં આવ્યા છે, તેજ મુજબ ગુજરાતી અનુવાદમાં પણ રાખવામાં આવ્યા છે.

કૃતિની ઢબ ધ્યાન ખેંચે એવી સાદી અને બિનઆડમ્બરી છે. તેની રચના ધાર્મિક પુસ્તિકા કરતાં એક લાંબા ધર્માખ્યાન જેવી છે. કર્તાએ તેની સાદાઇની એટલી બધી અગત્ય માની છે કે, કુરાન તથા હદીસના સંખ્યાબંધ વાકયો મુળ અરબીમાં આપવાને બદલે ફકત તેનો ફારસી તરજુમોજ આપ્યો છે.

જો કે લેખકના જમાનાના ફારસી લખનારાથી ઘણા બધા ખેડાયેલા ભભકભર્યાં ભાષણો અને છટા સાથે પોતે ભળવા છતાં પોતાના વિચારોને તેમણે સુફીમય રચના અથવા તેવું વલણ આપેલ નથી. ઇરાનમાં ઇસ્માઇલી મજહબને ઘણી સદીયો સુધી પોતાનું સાહિત્ય સુફીમય અંચળા નીચે ફરજીયાત છુપાવી રાખવું પડયું હતું અને આ જુનો રિવાજ લાંબા વખત સુધી ચાલુ રહેવાથી પ્રચલિત વાકયોમાંથી બીજાઓ

ઉંધુ સમજે નહિ એવી રીતે અર્થ ઉકેલવાની ઇરાનના ઇસ્માઇલીઓમાં ઘણે ભાગે ટેવ પડી ગઇ છે. જો કે અત્યારે એ સ્થિતીમાં ઘણો ફરક પડી ગયો છે. લેખકના જમાનાથી આપણે પ્રમાણમાં સાઠ વર્ષ જેવા ટુંકા ગાળા જેટલા છેટા પડી ગયા છીએ છતાં અત્યારે સંપુર્ણ ફેરફાર થઇ ચુકયો છે અને આધુનિક પ્રજા સુફીમય લક્ષણમાં હવે વધારે નિપુણ રહેલ નથી. કર્તા જયારે પોતાના અનુયાયીઓને જગતથી હાથ ઉઠાવવા અને દુન્યવિ પ્રવૃતિઓથી મુકત થવાની હાકલ કરે છે ત્યારે તેઓશ્રી કોઇ પણ રીતે એમ ભલામણ નથી કરતા કે બધા ઇસ્માઇલીઓ પોતાના ઘરબાર તજી દે અને ધાર્મિક દરવેશોની માફક ભટકતા ફરે. દુનિયાથી દુર રહેવાનો તેમનો કહેવાનો ભાવાર્થ એ છે કે તેમના મુરીદોએ ભૌતિક એશઆરામ માટેના સ્વછંદી આચરણ ઉપર એવો કાબુ રાખવો કે જેથી યોગ્ય હદની બહાર જવાય નહી. તેઓશ્રી ખુલ્લા શબ્દોમાં ખુદાવન્દતઆલાની બંદગી કરવા જેટલીજ મ્હાન આજ્ઞા પોતાની આજીવિકા પ્રમાણિકપણે મેળવવા સખ્ત મહેનત અને લાયકીથી કામ કરવાને માટે હોવાનું જણાવે છે.

મર્હુમ પીર શાહબુદીન શાહના ખાદિમોના એક મી. હાજી મુસાખાનની લાયબ્રેરીમાં જે હસ્ત લિખિત પ્રત જાળવી રાખવામાં આવી છે તે ઇરાનીયો જેને "બયાદ" કહે છે એ પ્રકારની એક લંબ ચોરસ નોંધ બુક છે.

આ કૃતિની મુળ ફારસી પંકિત અંગ્રેજી અનુવાદ સાથે "ધી ઇસ્લામિક રીસર્ચ સોસાયટી–મુંબઇ"ની સીરીઝ નં. ૩

તરીકે સને ૧૯૩૩માં મી. ડબલ્યુ ઇવેનોવ તરફથી પ્રગટ કરવામાં આવી હતી જેણે ઇસ્માઇલી વર્તુળોમાં ભારે રસ ઉત્પન્ન કર્યો છે, એ એટલા ઉપરથી દેખાઇ આવે છે કે તેનું અરબી ભાષાંતર સીરીયામાં આવેલા લાટીકીઆમાં તારતુસ જીલ્લાના એક ગામડા નામે ખુરબતુલ ફરાસના રહીશ શેખ અહામદ બિન મહમદ તરફથી સને ૧૯૩૫માં ડેમી ૮ પેજી સાઇઝના ૩૨ પાનાની એક ન્હાની પુસ્તિકામાં બહાર પાડવામાં આવેલ છે; તેની પ્રતો ગણત્રીનીજ સંખ્યામાં છાપવામાં આવેલ હોવાથી તે ગ્રંથની આવૃતિ મળવી અત્યારે દુર્લભ થઇ પડી છે. ત્યાર બાદ મુંબઇમાં ગુજરાતીમાં પ્રગટ થતાં ઇસ્માઇલી "નીઝારી"માં તેનો તરજુમો મી. ગુઆધરવાળા તરફથી માસિક હફતે કટકે કટકે પ્રગટ થયો હતો. તે આખો તરજુમો ગઇ સાલમાં (સને. ૧૯૪૬ના ઓગસ્ટની ૧૦ મી તારીખે) બીજા એક ઇસ્માઇલી ગુજરાતી પત્ર "અલ-ઇસ્લાહ"ના (આફ્રિકા ડાયમન્ડ જ્યુબીલી યાદગીરી) અંકમાં ફરીથી છાપવામાં આવ્યો છે.

"ધી ઇસ્માઇલી સોસાયટી" કે જેની નેમ ઇસ્લામી અને મુખ્યત્વે ઇસમાઇલી મજહબના અભ્યાસને ઉન્નત બનાવવાની છે તેણે આવી મુળ હસ્ત લિખિત કૃતિ શબ્દશ બ્હાર પાડવાનું અને તેના નવા સુધારેલા અંગ્રેજી તેમજ ગુજરાતી અનુવાદોની આવૃતિઓ છપાવવાનું નક્કી કર્યું હોવાથી આનો ફારસી તેમજ અંગ્રેજી અનુવાદ અત્યાર અગાઉ સીરીઝ નં. ૨–૩

તરીકે બહાર પડી ચુકેલ છે. લેખકના આધ્યાત્મિક વિદ્યાના અગાધ ઊંડા જ્ઞાન અને તેમાં પ્રવેશ કરવાના તેમના માનુષિ સામર્થ્યને લીધે તેમની આ કૃતિ સાધારણ વાંચકને ઘણીજ આકર્ષક લાગી છે અને સાથે સાથે તે આધુનિક ઇસ્માઇલી મજહબના ચૈતન્ય કે જેનો છેલ્લી સદીના અંત સમયમાં ઇરાનમાં વિકાસ થયો છે તેને સમજવા ઇચ્છતા મહાન અભ્યાસીને પણ મુલ્યવાન થઇ પડેલ છે.

ઇસ્માઇલી સોસાયટીના પ્રેસીડેન્ટ અને કારોબારી કમીટી કે જેણે આ "પ્રકાશનને ઇસ્માઇલી કૃતિઓ અને અનુવાદો"ની સીરીઝમાં સ્થાન આપવાની મહેરબાની કરી છે તે માટે હું મારા અંતરના ઊંડાણથી આભારની લાગણીયો પ્રદર્શિત કરૂં છું.

મુંબઇ, મે ૧૯૪૭

વી. એન. હુદા.

# વિષય અનુક્રમણિકા


| વિષય | વિગત | પાનું |
|---|---|---|
| ૧ | પોતાના નફ્સ (મનોવિકાર) સાથેની લડાઇ. | ૨ |
| ૨ | મનુષ્યની જીન્દગી અત્યંત અગત્યની છે. | ૬ |
| ૩ | જીવન કેમ જીવવું ? | ૯ |
| ૪ | અકલ અને નફ્સ. | ૧૨ |
| ૫ | મારિફ્ત અથવા આત્મિક જ્ઞાન. | ૧૯ |
| ૬ | ઇમામ. | ૨૪ |
| ૭ | ઇતરત અથવા અહલેબયત. | ૪૧ |
| ૮ | કુરાન. | ૫૬ |
| ૯ | ખરો દીન. | ૫૮ |
| ૧૦ | ઇબાદતના સ્વરૂપો. | ૫૯ |
| ૧૧ | ઇમાન. | ૭૦ |



પીર શાહબુદ્દીન શાહ અલ-હુસેની

# હકીકતે દીન
યાને
# ધર્મનો ખરો અર્થ

**બિસ્મિલ્લાહ હિર રહેમાન નિર રહીમ.**

એટલે—ખુદાના નામથી શરૂ કરૂં છું જે દયાળુ અને કૃપાળુ છે.

હજરત શહેનશાહ આગા અલીશાહ કે જેમના ઉપર મારો જીવ કુરબાન જાય, તેમનો નાચીઝ ગુલામ (પીર) શહાબુદીન અલહુસેની કહે છે કે:—

કેટલાક દીન બંધુઓ, કે જેમની ઇચ્છા પુરી કરવાની હું મારી ફરજ સમજું છું, તેમણે મને એક એવો મુખ્તેસર રસાલો લખવાનું કહ્યું કે, જેમાં એવા સિધ્ધાંતો સમાયેલા હોય કે જે તેમને જીવનમાર્ગ બતાવે, અને આ દુનિયામાં તેમના ભાઇઓ વચ્ચે ચાલવાનો સત્ય રસ્તો સુઝાડે, કે જેથી ઇન્શાઅલ્લાહ ખુદાની મહેરબાની થાય તો, એ સઘળા બોધ વચનો જાણે અને એ પ્રમાણે વર્તે તો મુકિત મેળવે.

ખુદાવંદ તઆલાની મદદથી તેમની એ અરજ પુરી કરવા હું શકિતવાન થયો છું.

## ૧. પોતાના નફસ (મનોવિકાર) સાથેની લડાઇ.

મહાન અને મૌલાંના મૌલા (હ૦) મૌલા મુરતઝા અલી (સ૦) જેમના ઉપર મહાન બાદશાહ—ખુદાવંદતઆલાના આશિર્વાદ ઉતરે— તેમણે ફરમાવ્યું છે કે:—

"એક વખત હ૦ રસુલ (સ૦) સાહેબે પોતાના સાથીઓમાંના કેટલાકને જંગ માટે મોકલ્યા, અને જ્યારે તેઓ ફતેહ કરીને પાછા ફર્યા અને તેમની હજુરમાં પેશ થયા ત્યારે હ૦ રસુલ (સ૦) સાહેબે તેમને "જહાદે અસગર" યાને ન્હાની ધાર્મિક લડાઇ ફતેહ કરવા માટે મુબારકી આપી અને ફરમાવ્યું કે, "તમારે હજી જહાદે અકબર યાને મોટી ધાર્મિક લડાઈ ફતેહ કરવાની બાકી છે." એ ઉપરથી તેઓએ અર્ઝ ગુજારી કે, 'એ મોટી જહાદ કઇ છે?' ત્યારે જવાબમાં તે નામદારે ફરમાવ્યું કે "ઘણીજ જવલંત લડાઇની ફતેહ એ છે કે જે એક માણસ પોતાના "નફસે અમ્મારા" (પોતાનાં હલકા મનોવિકાર યાને પંજભુ) સાથે લડાઇ કરી ફતેહ મેળવે છે. તેમના ઉપર ખુદાના આશિર્વાદ ઉતરો—જે આ કહ્યું તે ખરૂં છે.—

દીન બંધુઓ! તમે કે જેઓ મૌલા (ઇમામે ઝમાન)ની મહોબત અને પ્યાર મેળવવા ઉમેદ રાખો છો, તો હું જે જે

કહું છું તે જરા સાંભળો અને પેગમ્બર સાહેબના એ કથનના ખરા અર્થ ઉપર લક્ષ આપો, અને પછી તમારી પોતાની કારકિર્દી ઉપર જરા વિચાર કરો—ઊંડા ઉતરો કે તમારામાંના કોઇને તેમાંથી સત્ય મળી આવે કે જેનાથી તેની જીન્દગી સફળ બની જાય.

મોટી જહાદ યાને મહાન ધાર્મિક લડાઇ ખરી રીતે પોતાના "નફ્સે અમ્મારા" યાને પોતાનાં હલ્કા મનોવિકાર સામેની લડાઇ છે. જે લડાઇ લડવાથી તેને તાબે કરી શકાય કે જેથી, જે હલ્કા મનોવિકારો એક માણસના પગોને નેકીના રસ્તેથી હમેશાં, અકલ (અંતઃકરણના અવાજ)થી વિરૂધ જઇને, આડે રસ્તે લઇ જવાની કોશેષ કરે છે, તેમાંથી તેમજ સત્ય મઝહબના આદેશ વિરૂધ્ધ વર્તન કરવાથી પોતાને રોકે. દરેક જણની એ ફરજ છે કે પોતાનાં નફ્સ (હલકા મનોવિકાર)ના જુસ્સાને પોતાની અકલ (સદબુધ્ધિ)ના કબજામાં રાખે અને પોતાની અકલ (સદબુધ્ધિ)ની આજ્ઞા મુજબ હમેશાં વર્તવાને પોતાના સ્વભાવને તઆલીમ આપે. મુકિત મેળવાનું તત્વ એમાંથી રચાય છે. સરાતલ મુસ્તકીમ એટલે પુલસરાત કે જે તરવારની ધાર જેવો બારીક છે અને જે રસ્તેથી બહેસ્ત મેળવી શકાય છે, તે સંજ્ઞાનો ખરો અર્થ એમાં રહેલો છે. આ નફ્સે અમ્મારા (હલકા મનોવિકાર)ને તાબે કરવા એ સરાતલ મુસ્તકીમ ઉપર ચાલવા બરાબર છે.

જો ખુદાવંદ તઆલાની ઇચ્છા હશે તો આ બાબતને અમે આ રસાલામાં વિગતવાર સમજાવશું.

દીનબંધુઓ! નફસે અમ્મારાને વિશુધ્ધ બનાવવા અને તેમને સુધારવાના પ્રશ્ન બાબતમાં કુરાને શરીફમાં ઘણી બધી આયાતો છે, અને ઘણી બધી હદીસો છે. જેમાંની એકમાં ખુદાવંદતઆલા ફરમાવે છે કે, "જેણે પોતાના નફસ (મનોવિકાર)ને પાક કર્યો તે રસ્તગાર (મુકત) થયો." અને ખરેખર એમજ છે; કારણ કે પોતે પોતાને શુધ્ધ કરે એના જેટલી બીજી કોઇ વધારે અગત્યની ચીજ નથી. એમ કરે તોજ એક વ્યકિત નેકીના રસ્તે આગળ વધવાની આશા રાખી શકે; કારણ કે પોતાનાજ હલકા મનોવિકારો કે જે તેને ધાર્મિક ફીલોસોફીને અનુસરતા અને ઇલાહી મઝહબની આજ્ઞાઓ પરિપુર્ણ કરવાથી રોકે છે. તેમને જ્યારે તમે તાબે કરશો, તમારા તાબામાં લાવશો અને તેની હિલચાલો ઉપર બારીક તપાસ રાખશો કે કદાચ તમારી ગફલતીમાં તમારા ઉપર સ્વાર થઇ જાય, અને તમને ખોટું પગલું ભરવા લલચાવે નહિ, ત્યારેજ તમે સદગુણી જીન્દગી ધીમે ધીમે બશર કરી શકશો અને ત્યારેજ તમે સદગુણી જીન્દગીનો લાભ મેળવવા શકિતવાન થશો.

પોતાના મુરીદોમાં માર્ગદર્શક સિધ્ધાંતો તરફ કેવી વફાદારી, તાબેદારી અને ફરમાંબરદારી હોવી જોઇએ અને સત્યના રસ્તા ઉપર તેમણે કેવી રીતે ચાલવું જોઇએ અને પોતાની હલકી મનોવૃતિને કેવી રીતે તાબામાં લાવવી જોઇએ એ બાબતમાં હઝરત મૌલા મુરતઝાઅલી વિગતવાર સમજાવે છે.

તે નામદાર ફરમાવે છે કે "ઓ ખાલિક, મારા આ બિનતાબેદારી-પણાને એક જીદી ઊટને દોરડાથી બાંધીને નમાવું તેમ તારી ઇચ્છા રૂપ દોરડાથી બાંધીને તારી આગળ જબરદસ્તીથી નમાવી ઘુંટણભેર કરૂં છું કે જેથી તે તારી ઇચ્છાને અનુકુળ ન હોય તેવું કાંઇ પણ કરે નહિ."

તેથી દોસ્તો, યાદ રાખો કે દરેક પોતાના નફ્સને પોતાના સખ્ત ચોકી પ્હેરા–નિગેહબાની નીચે રાખવાં જોઇએ કે જેથી તેને કબજામાંથી છટકવા એક પળનો પણ મોકો મળે નહિ અને તમારા ઉપર પોતાની ઇચ્છા ઠોકી બેસાડે નહિ. આ પ્રમાણે જો નહિ થાય તો તે દોઝખમાંથી માથું ઉંચકવાની એકાદ છટકબારી શોધી કાઢશે અને તમારી ઇચ્છા ઉપર જીત મેળવશે અને એ રીતે તમને ખુદાવન્દ તઆલાની નજીકપણાની સ્થિતિ મેળવતા અટકાવશે; અને પવિત્ર માણસો જે સુફળ મેળવી શકે તે બધું મેળવવા દેશે નહિ. એજ કારણથી દરેકે યોગ્ય માર્ગ મેળવવા યત્ન કરવા જોઇએ.

કુરઆને શરીફમાં ફરમાવ્યું છે કે "જેઓ ખુદાને રસ્તે લડે છે, તેઓને અમે અમારા રસ્તાની હિદાયત કરીએ છીએ." આ રસ્તો એજ **સરાતલ મુસ્તકીમ** છે.

દરેકે પોતાના મનને દુન્યવિ તૃષ્ણાભરી બાબતોથી રોકવું જોઇએ અને એવી બાબતોથી દુર રહેવું જોઇએ. એમ કરીને પોતા માટે રૂહાની દૌલત જમા કરવી જોઇએ અને ધર્મ જે

તરફ દોરે તે મૂખ્ય રસ્તાથી કદી પણ આડા અવળા જવું જોઇએ નહિ.

## ૨ મનુષ્યની જીન્દગી અત્યંત કિમતી છે.

ભાઇ, લક્ષમાં રાખ કે, જેને પોતાનાં આખરત માટે જરા પણ દરકાર હોય, તે દરેકે, પછી ભલે કોઇ થોડી બુધ્ધિવાળામાંના હોય, કુરાને શરીફ અને હદીસની આજ્ઞાઓ મુજબ વર્તવું જોઇએ; તેમણે દરરોજ સવારે ઉંઘમાંથી ઉઠીને પોતાના કાર્યો ઉપર વિચાર કરવો જોઇએ અને પોતાના મનોવિકાર પાસે હિસાબ માંગવો જોઇએ. આમ કરવાથી અને જરાક મનન કરવાથી અને આસપાસની દુનિયા ઉપર નજર નાંખવાથી સમજાશે કે, પોતાની હયાતીની દરેક પળ, કવચિત મળતાં મોતી અને જવાહિર જેવી બલ્કે તેથી વિશેષ કિમતી અને અમુલ્ય છે. એક વખત તે હાથથી ગઇ, તો તે પાછી કદી આવે તેમ નથી; અને ખરેખર તે કદી પણ પાછી મળનાર નથી. જીન્દગીની એક પણ પળ કે જે ચાલી ગઇ તે કોણ પાછી મેળવી શકે એમ છે? એટલા માટેજ તેને હું તેની અવેજીમાં બીજું કાંઇપણ મુકી ન શકાય એવી અમુલ્ય કહું છું. તે એક જાતની એવી મુડી છે કે જે રોકવાથી એકાદ વ્યકિત પોતાને માટે ખુદાવન્દ તઆલાની દયાનો ખજાનો મેળવી શકે છે. તમે ફકત એક પળ ઉપર તમારી પોતાની આખરત બાંધી શકો છો, (યાને મુકિત મેળવી શકો છો.) જો કોઇ તેનો બરાબર ઉપયોગ કરે તો, એક પળમાં પણ તે ખુદાની નઝદીકી

હાસલ કરી શકે છે અને આ દુનિયામાં સાધારણ ચીજો જેમ તે જુએ છે તેવીજ એકતા ખુદા સાથે સાધી શકવા જેટલી હદે તે પહોંચી શકે છે.

જો તમે જીન્દગીની કિમત સમજો અને પોતાને હોશીયારીમાં રાખો તો આવી એકાદ પળના સોદાથી તમે અવિનાશી નફો હાસલ કરી શકો, તેમાં તમને કદી ખોટ જશે નહિ અથવા કદી પણ ઓછું થશે નહિ. એટલા માટે વખત બરબાદ કરો નહિ, જાયુકની દેવાદાર સ્થિતિમાં જીવન જીવો નહિ. જો તમે વખત બરબાદ કરશો, કાંઇ પણ ભલાઇ તરફ લઇ નહિ જનાર રસ્તાઓ સારૂ તમારી શકિત વેડફી નાંખશો, બેવકુફીથી તકો ગુમાવી દેશો, તો તમે બધું ખોઇ બેસશો. એવા કોઇ ચાલાક વેપારી વિષે તમે કદી સાંભળ્યું છે કે જેણે પોતે કાંઈ નફો ન કરી શકે એવા અથવા જેમાં પોતાની મુડી દબાઇ જાય બલ્કે ખોઇ દેવાય એવા ધંધા પાછળ પોતાનો વખત બગાડયો હોય?

દોસ્તો, તમે પોતાને માટે વિચાર કરો! અને તમે તમને પોતાને કહો કે, "હું મારી મુડી એવા ધંધામાં રોકવા માંગુ છું કે જેમાં મારી હમેશની જીન્દગીનો નફો હું મેળવી શકું; અને કહો કે, જીન્દગીના જુજ દિવસો કેવા ચાલ્યા જાય છે કે જેમાંથી કાંઇપણ નકકર ફાયદો હું મેળવી શકતો નથી?! ખરેખર અત્યાર સુધી મારી જીંદગીનો જે ભાગ વિતી ગયો તે બધો મારી મુળ મુડીમાંની ખાદ સિવાય બીજું કાંઇ નથી."

આજનો દિવસ હવે ઘણાજ કિમતી નફાકારક તરીકે મુલ્યવાન ગણાવો જોઇએ; કારણકે તમારા અંતકાળને અટકાવનાર એક વધુ દિવસ તરીકે તે છે. જો આ દિવસ અથવા પળ તમને મહેતલ તરીકે આપવામા આવેલ નહોત તો, તમે પણ બીજા મરણ પામેલાંઓમાંના એક ન હોત? અને ઘણાએક જેઓ ગઈ કાલે જીવતા હતા અને આજે મર્ણ પામેલાં છે, તેઓ જેમ ઇચ્છા રાખે છે તેમ તમે પણ આજનો દિવસ અરે આજની પળ માટે ઇચ્છા રાખી ન હોત? જો તમે ગઇ કાલે મર્ણ પામ્યા હોત તો ખોઇ નાંખેલ જીન્દગી માટે તમે પણ પારાવાર અફશોષ કરતે એમાં તમને કાંઇ શક છે? ત્યારે એ અમુલ્ય ભેટ કે જે ખુદાએ તમને આપેલ છે અને જે હજી તમારા હાથમાં છે તે, આજના દિવસની કદર કરો; તેને ખુદાવન્દ તઆલાની ઇબાદતમાં જરૂર ગાળો, કે જેથી તમારો આગલો બધો સમય જેમ વ્યર્થ ચાલ્યો ગયો તેમ તમારી જીંદગીનો આ થોડો સમય વ્યર્થ જાય નહિ; તમને યોગ્ય લાગે તેવાં કેટલાંક સારા કૃત્યો કરવાની તક ઝડપી લો કે જેથી આવતી જીંદગીમાં જેઓને પોતાને માટે નીચું જોવું પડશે, તેવી સ્થિતિમાં તમારે મુકાવું ન પડે. શું તમે નથી જોતાં કે આ દુનિયામાં ઘણા જણ નિર્લજ કાર્યો કરે છે અને જ્યારે બીજાઓને તેની ખબર પડે છે ત્યારે ધિક્કાર અને શરમજનક લાગણીથી તેઓ કેટલાં બધાં રિબાય છે? ત્યારે તમારી જીન્દગીના ૪૦ અથવા તેથી વધુ વર્ષોમાં તમે જે શર્મજનક (ગુન્હાના) કાર્યો કર્યા હશે તેની દરેક જણને-

નબીઓ અને ફિરસ્તાઓ સહિત—બધાંને જયારે ખબર પડશે ત્યારે, તમને કેવું દુઃખ થશે? ત્યારે તમારી લાગણી કેવી દુભાશે ?

## ૩. જીવન કેમ જીવવું ?

પણ એવી સ્થિતિ ટાળવા માટે તમારે શું કરવું જોઇએ? તે ઇન્શાઅલ્લાહ આગળ જતાં હું તમને સમજાવીશ.

આ સવાલ હાથ ધરતાં, કુરાને શરીફમાં જે કહ્યું છે તે અમે અત્રે ટાંકીએ છીએ. (સુરા ૨૩ આ. ૧૦૨) "કયામતના દિવસે ગુન્હેગારોમાંથી કેટલાક ખુદાવંદતઆલાને અર્જ કરશે કે 'ઓ અમારા પેદા કરનાર, અમને દુનિયામાં, ફરી જવા દો. આ વખતે અમે તાબેદાર અને ભકત બનીશું,' પણ ખુદાવન્દતઆલા તેમને જવાબ આપશે કે તેઓ લુચ્ચા છે. જેવું તેઓને ફરીને જીવન મળશે કે તરતજ તેઓ, એવાજ કામો ફરીથી કરશે." તેથી તમે તમને પોતાને કહો કે ખુદાવંદતઆલાએ તમારા બુરા કૃત્યો સુધારવા સારૂ તમારી અર્જ ધ્યાનમાં લઇને દુનિયા ઉપર તમને ફરી મોકલેલ છે અને મહેતલનો જે દિવસ તમને આપવામાં આવેલ છે તે આજનો દિવસ છે, માટે દરેક પળને અત્યંત કિમતી જવાહીર જેવી અમુલ્ય સમજો અને તમે મોતને બિછાને પડયા હો, ત્યારે જે કરવાના વિચાર કરો તે બધા વિચારોનો અમલ અત્યારેજ કરી લો. જીંદગીનું એકે કાર્ય મુલતવી રાખશો નહિ.

ભાઇ, તમને આ જે બાબત કહું છું તે તમને ફકત ડરાવવા માટે કહું છું એમ નહિ સમજતા. ઘર કામ અને રોટી મેળવવા દુન્યવિ કામો કરવા પડતાં હોવાથી તમે કાંઇ પણ કરી શકો તેમ નથી એવા વિચાર કરશો નહિ. બલ્કે તમે આ જરૂર કરી શકો છો, જયારે તમે દુનિયાનો વહીવટ પુર બહારમાં ચલાવતા હો, અરે હમેશ કરતાં વધારે સારી રીતે કરતા હો ત્યારે ખુદાવંદતઆલાના ફરમાનોને વફાદાર રહી તેના બન્દા રહી શકો છો.

ધર્મના મહાન સત્તાધારીઓએ, દરેક આઠ કલાક લાંબા એવા, દિવસ અને રાતના ત્રણ સરખા ભાગ પાડેલાં છે; અને જો તમે રાત્રી દિવસના દરેક ભાગ માટે જેમ નક્કી કરવામાં આવ્યું છે તે મુજબ બરાબર કાર્ય કરો તો, તમે રૂહાની તેમજ દુનિયાના કામકાજમાં આગળ વધવાને ફતેહમંદ થશો. (એ વિભાગ એમ છે કે) એક ભાગ ઉંઘવા, ખોરાક લેવા, અને ગૃહ કાર્ય માટે નક્કી કરેલો છે; બીજો ભાગ પોતાની આજીવિકા મેળવવા ધંધામાં રોકવાનો છે અને ત્રીજો ભાગ ખુદાવંદતઆલાની બંદગી કે જેનો હેતુ મુકિત અને અમર જીન્દગી મેળવવાનો છે, તે માટે અર્પણ કરવાનો છે.

હદીશમાં કહેલું છે કે—"તમે—માણસ જાત મખલુકાત હમેશાં, ટકી રહે એ માટે છો. તેનો ઉચ્છેદ કે વિનાશ કરવા માટે નથી." એટલા માટે દુન્યવિ કામકાજ માટે જે બંધનો તમને જકડી રાખે છે તેને કાપી નાંખો અને આખરતને

હાસલ કરવા અને એવું કાંઇક કાર્ય કે જે તમારી હવે પછીની મુકિત માટે તમારી મુડી બની શકે, એ કરવા ઉતાવળ કરો, કે જે થકી તમારી આખરત માટે તમે નફો એકઠો કરી શકશો. આ દુનિયા (વાવેતર કરવા માટે) જમીન છે, જ્યારે આખરત તેનો પાક છે. તમે જે કાંઇ એમાં વાવ્યું હશે તે તમે આખરતમાં લણશો; પણ જો તમે તમારા નિશ્ચયમાં નિષ્ફળ ગયા અને તમે તમને પોતાને ખુદાની ફરમાં-બરદારીમાંથી આડાઅવળા જવાની રજા આપી તો તમે તક ગુમાવી દીધી (સમજો), અને તમે આ ખેતરમાંથી કાંઇપણ પાક લણી શકશો નહિ. એ વખતે તમારી હાલત એક દિવાળીયો કે જે કાંઇપણ કરવાને બહુજ મોડું થઇ ગયું હોય ત્યારે પોતાની મુર્ખાઇ માટે હાયવોય કરે છે, તેના જેવી થશે.

પોતાના ઉપર લાદવામાં આવેલ ફરમાનો બજા લાવીને પોતાનાં જીવન દરમિયાન જેણે આખરતનું પાકું ભાતુ તૈયાર કરેલ છે તેની સ્થિતિ સાથે સરખાવતાં ઉપર જણાવેલી હાલત કેટલી બધી જુદી પડે છે? તેઓ (ફરમાં બજા લાવનારા) પોતાની પવિત્ર સદગુણી જીંદગીનો પાક લણે છે અને પોતાના આગલાં કર્તુકોના બદલામાં અમુલ્ય જવાહીરો મેળવે છે, તેઓ જોઇ શકે છે કે તેમણે જે ભોગો આપ્યા છે તેના કરતાં આ ઘણોજ સારો બદલો છે, તેમણે નફો કર્યો છે, ઘણું કમાયા છે, અને પોતાની મહેનતનો બદલો જમા કર્યો છે, તેઓ ક્યાં છે તે તેઓ સમજે છે.

## ૪. અકલ-તુલાત્મક બુધ્ધિ અથવા અંતરનો અવાજ અને નફ્સ—પોતાનું અધર્મપણું અથવા સ્વાર્થ.

તે પણ જાણ ભાઇ, કે એક બાજુ અંતરાત્મા (અકલ) અને બીજી બાજુ નફ્સ અથવા દુષ્ટ મનના વિકારો (પંજબુ) વચ્ચે ઘણો તફાવત છે. જો તું આ તફાવત સમજે અને યોગ્ય સમયે તે ઉપર મનન કરે તો, કોઇપણ બાબતમાં તને કદી પણ કાંઇ મુશ્કેલી નડશે નહિ; કારણ કે એમ કરવાથી તારે કેમ વર્તવું તે તું જાણી શકશે અને હમેશાં સરાતલ સુસ્તકીમ—સીધા રસ્તા ઉપર તું રહેશે. અકલ છે તે સદ્-બુધ્ધિ છે કે જે તને હમેશાં સાચો રસ્તો બતાવે છે અને તને તેનાથી આડો અવળો જવા દેતી નથી. અમર જીંદગી મેળવવા અને જન્નત કે જ્યાં હમેશાં રહેવાનું છે તેમાં દાખલ થવા સારૂં આશિર્વાદ મેળવવા ખુદાવદતઆલાની બંદગી કરવી એ સદ્બુધ્ધિ છે.

"નફ્સ" યાને દુષ્ટ મન અને પોતાના હલકા મનોવિકાર સદ્બુધ્ધિના વિરૂધી છે. જો તમે તેના ઉપર પુરતો વિચાર કરો અને મનન કરો, તો તમને જણાશે કે, તે ફકત સદ્ગુણી મનનોજ નહિ પણ તમારો પોતાનો હડહડતો દુશ્મન છે-એક જોરાવર શત્રુ છે. સાધારણ રીતે એક વ્યકિતએ અકલ (સદ્બુધ્ધિ)ની આજ્ઞાને જો કે આધિન થવુંજ જોઇએ પણ તેનો નફ્સ (મનોવિકાર) તેને વસવસામાં નાખે છે અને તેને તેના અંતરના અવાજ મુજબ ચાલવામાં વિરૂધતા ઉભી કરીને

રસ્તામાં અડચણો નાખે છે અને એમ કરીને ખુદાની વધારે નજીક થતો તેને અટકાવે છે. જો કોઇ વખત "નફસ" (દુષ્ટ મન કોઇને) પરહેઝગારીનો માર્ગ બતાવે તો પણ તે ઇલાહી ઇચ્છાથી બરખેલાફ હોય છે. તેનો દૂષી સિધ્ધાંત છે કે તે કોઇને પણ ઇચ્છિત મજલે પહોંચવા દેતો નથી. તે રસ્તામાં પોતાથી બની શકે તેટલી બધીએ અડચણો નાંખે છે. તે ઘેટાના ચામડામાં છુપાયેલા ખરા વરૂ જેવો, એક દોસ્તના સ્વરૂપમાં આવે છે. પોતે મનોહર બનીને તમને ગુન્હાના કાર્ય કરવા લલચાવે છે અને (ગુન્હાનું કાર્ય કર્યા) પછી તમારી બધી લાનત મલામત અથવા હાય વોય શા કામનાં છે?

ખુદાવંદતઆલાએ તમારી વચ્ચે એક રહેબર અથવા સાબિતી હુજજત (ઇમામ) રાખેલ છે કે જે તમને સાચો રસ્તો બતાવે છે તેના ઉપર તમારે ચાલવાનું છે. જો તમે તેના (બતાવેલા સાચા રસ્તા) ઉપર નહિ ચાલો તો તેમાં તમારી કસુર છે. ત્યારે હવે એક વખત હમેશને માટે તે બેઉ—દોસ્ત અને દુશ્મન—વચ્ચેનો ફરક સમજી જાઓ અને રસ્તાથી બહાર જાઓ નહિ.

કુરાને શરીફમાં કહેવામાં આવ્યું છે કે "અમે તમને ભલાઇનો રસ્તો અને ખરાબીનો રસ્તો બતાવેલ છે." અને એજ બાબતમાં બીજી જગ્યાએ એક બીજું સુચન છે કે "અમે માણસને એવો રસ્તો બતાવેલ છે કે જેના ઉપર (ચાલવાથી) શાન્તિપૂર્ણ બની શકે." એ મુજબ આ મહાન આશિર્વાદને

પુરતા આભાર સાથે સ્વિકારો અને સાચે રસ્તે ચાલો, પણ જો તમે તેની કિમત સમજવામાં નિષ્ફળ નિવડયા તો તમારે કાફેરોમાં શામેલ થવું પડશે કે જેઓ ખુદાવન્દ તઆલાના આશિર્વાદની આભાર સાથે કદર કરવાની અગત્યતા તરફ આંખ બંધ કરે છે અને એ રીતે ખોટે રસ્તે જાય છે.

ખરેખર, આના કરતાં વધારે મહાન આશિર્વાદરૂપ અને વધારે ઇચ્છવા યોગ્ય શું છે? કે જેનાથી એક વ્યકિત પોતાને ખરા રસ્તા સીધા રસ્તા-(સરાતલ મુસ્તકીમ) ઉપર જુએ, અને એમ કરીને પોતાને સલામત, ગુન્હાથી બચેલો, બાતીલ-જુઠના રસ્તાથી દુર રહેલો, હક ઉપર જુએ?! જો તમે આની મહાન કિંમત સમજો અને જયારે જયારે તમે મુશ્કેલ સ્થિતિમાં હો ત્યારે ત્યારે તમે એના ઉપર તમારૂં મગજ લગાડો તો, તમે કદીપણ ખોટી રીતે નહિ વર્તો અને (એ વખતે) તમારે શું કરવું તે તમે હમેશાં જાણી શકશો. અકલ-સદ્બુધ્ધિ અથવા નફસ-તમારી હલકી મનોવૃતિ એ બેમાંથી કેના કહેવા મુજબ તમારે ચાલવું તે તમારે નકકી કરવાનું છે, તે તમારે પસંદ કરવાનું છે. તમારે ફકત એટલોજ ખ્યાલ કરવો કે તમને જે કોઇ સાચે રસ્તે જતાં અટકાવે છે અને ખુદાવંદ તઆલાની તાબેદારીથી દુર રાખે છે, તે "નફસ" છે અને "નફસ"ની લાલચોમાં ફસાવાથી તમારા ઉપર કેવી કમનસીબીઓ ઉતરશે તેનો તમે અંદાઝ પણ નહિ બાંધી શકો.

જો તમે ખરાબ રસ્તે ભટકયા કરશો, જો તમે ધાર્મિક ફરમાનો મુજબ નહિ વર્તો, જો તમે તમને મળેલી આ મહાન આશિર્વાદ રૂપ જીંદગી અથવા હૈયાતી તમને આપવામાં આવેલ છે, તે માટે નગુણા બનશો અને મઝહબ તરફ ધિક્કાર ધરાવવા જેટલી હદે જશો, ઉપકારને બદલે જીદ્દીપણાનું પાપ કરશો, કુફરાન અથવા નફસે (મનોવિકારે) બતાવેલો માર્ગ, વર્તન કરવા માટે ખરો રસ્તો છે, એમ માની બેસશો તો પછી આ બધાં (અનિષ્ટ) પાછળ તમે એટલા બધાં ભુલાવામાં પડી ભટકશો કે તમે સત્ય ધર્મથી બહાર ગયેલાઓમાંના એક બની જશો. જેમ જેમ તમે તમારા હલકા મનોવિકાર—નફસની ઉશ્કેરણી પાછળ વધુને વધુ ચાલશો, તેમ તેમ તમે ખરા રસ્તાથી આડા અવળા નીકળી જશો. ખરેખર એટલા બધા દૂર કે આસ્તે આસ્તે તમે એ સ્થિતિએ પ્હોંચશો કે તમે તમારા નકકી કરેલાં ઇરાદાઓથી વિરૂધ વર્તન કરશો, એક કવિએ ઠીકજ કહ્યું છે કે :–

“તે એક આરીસો છે કે જે પશ્ચિમ તરફ ધરી રાખેલ છે (ત્યારે) તેં ત્હારો ચ્હેરો પુર્વ તરફ રાખેલો છે, તેથી દિલગીર છું કે હું તારી પાસેથી ચાલ્યો જાઉં છું.”

એ મુજબ તમારામાં જો તમારા પોતા માટે બરાબર જોવા અને વિચારવાની શકિત હોય તો, તમે જાણી શકશો, કે તમે ધાર્મિક જનોમાંથી નથી, કારણ કે પુજાનો અર્થ જે કોઇની તે કરતો હોય તેની તાબેદારી કરવા જેવો થાય છે;

અને જો તમે તમારી હલકી મનોવૃત્તિ—નફસે અમ્મારાને તાબે થાઓ તો તેનો અર્થ એ છે કે તમે તેની પુજા કરો છો; પણ જો તમે તેની પુજા કરો તો તેનો અર્થ એ કે તમે ખુદાવંદ તઆલાની પુજા નથી કરતા. એટલા માટેજ તમારો "નફસ" તમારો દુશ્મન છે એમ કહું છું. તે દોસ્ત હોવાનો ઢોંગ કરે છે પણ ખરી રીતે એમ કરીને તે તમને અવળે રસ્તે દોરવે છે. આ માટે કુરાને શરીફમાં સાફ સાફ કહ્યું છે કે:—

"જેઓએ પોતાના મનોવિકાર અને જુસ્સાને પોતાના ખુદા તરીકે ગણ્યા છે એવાને તેં જોયા છે? તે હેવાનની ટેવો માફક છે." અકલ (સદબુધ્ધ) કે જે સીધે રસ્તે દોરે છે તેની પાછળ જવાનું છોડીને તમે તેને તાબે થાઓ છો અને તેની પુજા કરો છો અને ફિરસ્તાઓની રીતને છોડી આપો છો.

જો તમે એમ કરશો તો પછી જુઓ કે તમારા ઉપર શું વિતે છે? તમારા ઉપર કેટલી બધી શરમ અને ધિકકાર તમે પોતે લાદો છો? આના ઉપર સંભાળ પુર્વક વિચાર કરો. મુર્તિપુજા કરવાને લીધે હિન્દુઓને કેટલા બધા માણસો ધિક્કારે છે? હિન્દુઓ શેની પુજા કરે છે તે તેઓ નથી જાણતા પણ પોતાની ખરાબ આદતની પુજા કરવી એ એક પત્થરના ટુકડાની પુજા કરવા કરતાં હજાર ગણું ખરાબ છે. આ ખરાબ આદતો હેવાની આદતો જેવી છે અને તે તેજ છે કે જેની તમે પુજા કરો છો.

એટલા માટેજ મેં કહ્યું છે કે "તે (નફસ) તમને ધંધામાં સંપુર્ણ દીવાળું કાઢવા જેટલી હદે પુરેપુરા હલાક કરનાર છે." જેમકે કુરાતે શરીફમાં (સુરા ૪. આ. ૧૧૮)માં કહેલું છે કે "તે ખરેખર ચોકખું નુકસાન ખમ્યો છે."

ભાઇ! બરાબર સમજ કે "તારો રસ્તો એકજ છે, એટલે કે સતપંથ–સીધો રસ્તો. તું જેમને દુનિયામાં જુએ છે તેઓ તેનાથી આડા ગયેલા છે. જેમ એક ડુબેલા માણસ માટે તેના ઉપર ઓછું પાણી હોય કે ઉંડા દરિયા જેટલું વધારે હોય તેનો અર્થ કાંઇ નથી, (યાને સરખું છે.) તેમ એક વ્યકિત જરા આડે રસ્તે જાય કે વધારે જાય તેનો અર્થ સરખોજ છે.

સાચા રસ્તાથી જરાપણ ખસવાની કોશેષ કરતો નહિ, શયતાન તને છેતરી જાય એમ કરવા દેતો નહિ. જો હલકી મનોવૃત્તિ–નફસ તારા ઉપર જીત મેળવશે અને તને પોતાનાં સ્વચ્છંદોમાં ફસાવશે તો તું અધમ બની જશે; એક દુષ્ટ દુશ્મનના હાથમાં લાચાર રમકડાં જેવો બની જશે; તેની તું પુજા કરશે અને પાર વગરની તેની માંગણીયો એક ગુલામની માફક તું પુરી કરતો રહીશ. એમ થશે એટલે તું ખુદાવંદ તઆલાના અવાજનો શું જવાબ આપીશ? ખુદાવંદ તઆલાના કલામનો કેવો પ્રતિઉત્તર તું વાળીશ? જેમકે (સુરા ૩૬. આ. ૬૦) "શું મ્હેં તમારા તરફ, હે, આદમના છોકરાઓ, કરાર

ન્હોતો કર્યો કે તમે શયતાનની બન્દગી કરશો નહિ? ખરેખર તે તમારા માટે એક ખુલ્લો દુશ્મન છે."

જે કોઇ પોતાના હલકા મનોવિકાર યાને નફ્સે અમ્મારા કે જે દુષ્ટ છે, તેના છંદને આસાનીથી તાબે થાય છે, તે દરેકે ખુદાવન્દતઆલાના ઉપલા સવાલનો જવાબ આપવાને તૈયાર રહેવું જોઇશે; તેથી ઓ ભાઇ, દુનિયાની જે ચીજો તારી પાસે છે, તેના મોહમાં તું પડીશ નહિ. તારા હલકા મનોવિકારને દાબી રાખજે અને દુન્યવિ જીન્દગીની વસ્તુઓમાં તારા વિચારો એટલા બધા બાંધી રાખીશ નહિ; એટલું સમજજે કે જો જાહેરી દુનિયાને તેના પગ નીચે તને કચરવા નહિ દેશે તો તું તેના ઉપર હુકમ કરી શકીશ. કુરાને શરીફમાં કહેલું છે કે:– "આકાશ અને પૃથ્વીમાં જે બધું દેખાય છે તે બધું તારા હુકમમાં છે." એટલે કે જેઓ આ બરાબર સમજી શકે છે તેઓ એની સત્યતા જોઇ શકે છે.

ભાઇ, ફરી ફરી વિચાર કર અને સમજ કે, કેટલો મોટો ખજાનો તને આપવામાં આવ્યો છે? કે જેને માટે તારે ઉપકારી બનવું જોઇએ; અને જો તમે તમને પોતાને તાબેદાર નહિ બનાવી શકો અને વધુ યત્ન કરતાં અટકવાની ઇચ્છા રાખતા હો તો હું તમને કહીશ કે મનુષ્ય જાત માટે આ દુનિયામાં એક "પેશવા" (ઇમામ) હોવો જોઇએ; પણ આ બાબતમાં યોગ્ય સ્થળે વધારે કહેવામાં આવશે. દુન્યવિ બાબતોથી અલગ રહેવાનું જે હું તમને કહું છું તેનો અર્થ એ છે કે તમારે

એવા પુરૂષનો દામન પકડવો જોઇએ કે જેની હસ્તી માટે જગતમાંની બધી ચીજો પેદા કરવામાં આવી છે. એની મદદથીજ એ બધી (ચીજો) તમારે તાબે થશે. વિચાર કરો કે શું વધારે સારૂં છે? એ ચીજોની લાલસા રાખવી કે જે અંતે તારી માલેક બની બેસે કે એકજ પુરૂષના તાબેદાર થવું કે એવી તાબેદારીના ઝરીયે એ બધી ચીજોનો તું માલિક બની શકે?!

## ૫. મારિફત અથવા આત્મિક જ્ઞાન.

કહેલું છે કે "એ મહમદ, તારા વાસ્તે ન હોત તો અમે આ દુનિયા પેદા કરી ન હોત." એટલે કે જે બધું પેદા કરવામાં આવ્યું અને હસ્તીમાં આવ્યું તે ફકત તેના ખાતરજ પેદા કરવામાં આવ્યું છે, અને બીજી જગ્યાએ કહેલું છે કે, "જો અલી ન હોત તો અમે તને (હ. મહમદ રસુલ સ.ને) પેદા કર્યો ન હોત." આ ઉપરથી એ સાફ સિધ્ધ થાય છે કે દુનિયાની ઉત્પત્તિનો હેતુ, ઇલાહી ખુબીઓ અને પરિપુર્ણતા કે જે તેની સિફાતો છે તેની જાહેરાતની ઓળખાણ માટેનો છે. અકલને રસ્તે ચાલીને આ સમજવા અને જોવાની આંખો કયાં છે? કુરાને શરીફમાં ચોકખી રીતે કહેવામાં આવ્યું છે કે, જો હ. રસુલિલ્લાહ (સ.) હ. અલી અ.ની વિલાયત યાને વસી તરીકેની જાહેરાત ન કરી હોત તો તેમની નબુવતનું કાર્ય અધુરૂં રહ્યું હોત. જેમકે "એ રસુલ, તને જે સંદેશો આપવામાં આવ્યો છે, તે માણસોને પ્હોંચાડી આપ અને જો તું તે નહિ પ્હોંચાડે

તો તું તારી નબુવતનું કામ પુરૂં કરી શકીશ નહિ." એ મુજબ દુનિયાની ઉત્પત્તિ, નબિયોને મોકલવા, પવિત્ર કિતાબોનું પ્રકટીકરણ આ બધાનો હેતુ એ હતો કે મનુષ્ય જાત તેને પિછાણી શકે; જેમકે કહેલું છે કે "જેને માટે (હ૦ અલી અ. માટે) અમે (ખુદાવન્દતઆલા) દરેક પેગમ્બર મારફત બોલ્યા છીએ અને જે મહમદના વખતમાં જાહેર થયેલ છે." આ બાબતની ચર્ચા યોગ્ય સ્થળે પણ કરવામાં આવશે.

દીન ભાઇઓ, હવે એ બાબત ઘણીજ સારી રીતે સમજાવી શકાશે કે "ઉચ્ચત્તર જ્ઞાન" યાને "મારિફત" શું છે? એ બાબત એવી રીતે સમજાવી શકાશે કે ઇન્શાઅલ્લાહ દરેક બાબતની ચોખવટ થઇ જાય અને તમે એ બાબત એટલી ચોખી સમજી શકો કે જે સમજવાને બાહોશની અકલ પણ મુંઝાઇ જાય.

ભાઇ, એ બરાબર સમજ કે (દરેક પ્રજામાં) સુલતાન (રાજા)ની બરાબર ખરેખર કોઇ હોતું નથી. તેની રૈયત ખાત્રી પુર્વક જાણે છે કે તેની તાબેદારી કરવા સિવાય તેમને માટે બીજી કોઇ ઇચ્છાને સ્થાન નથી. સુલતાનો (રાજાઓ) આ દુનિયામાં સજા કરવા અને બક્ષીશ આપવા દૌલત અને શકિત ધરાવે છે એ ખરૂં છે, પણ જેમ દુનિયા પોતેજ નાશવંત અને ક્ષણભંગુર છે તેમ તેમની એ બધી શકિતઓ પણ ક્ષણ ભંગુર છે. તેઓ કોઇને ફકત દૌલત બક્ષીશ આપી શકે કે જે નાશવંત છે, અથવા એવા દંડથી શિક્ષા કરી શકે

કે જે પણ હમેશાં રહે તેવી નથી કારણ કે તેમની સત્તામાં જે કાંઇ છે તે બધુંએ ક્ષણભંગુર છે.

બીજા હાથ પર મારિફતના શાહો એટલે જેમની પાસે ઇલ્મે ઇલાહી છે તેમને પણ પોતાની એવી રૈયતો છે કે જેઓ તેમની ફરમાંબરદારી કરે છે; એમને આખરતના યાને અમર જીંદગીના ફાયદાઓ મેળવવાના હોય છે. તેમને આખરત માટે તેનું (ખુદાવન્દ તઆલાનું) વચન મળેલું હોય છે કે જે હમેશાં ટકે એવો ખજાનો યાને ઇલાહી રહેમત છે. કોઇ સાવધ માણસ એવો હોય કે જે હમેશ ટકનારી વસ્તુને બદલે ક્ષણભંગુર વસ્તુ પસંદ કરે? અથવા હમેશ ભોગવવાની સજાના બદલામાં કામચલાઉ ફાયદો સ્વિકારે? કુરાને શરીફમાં કહેલું છે કે "ખરેખર ખુદાએ મોમીનો પાસેથી તેઓના જીવ અને તેઓના માલ ખરીદ્યા છે કે (તેને બદલે) તેઓને માટે બહેસ્તની વાડીઓ છે."

ભાઇ, જીન્દગીની—એ અમુલ્ય બક્ષીશની ઓછી કિંમત નહિ આંકતો. તું જે આપે છે તેના બદલામાં તને જે મળે છે તે બરાબર જો; નાશવંત ચીજ તારી પાસેથી તેઓ લે છે અને (બદલામાં) નિરંતર ટકનાર ચીજ તને આપે છે; એટલા માટે ખુદાવંદતઆલા સાથેના આવા વેપારથી તારે ખુશ થવું જોઇએ. હમેશની જીન્દગી માટે બધું ગુમાવી દેવું તેના કરતાં જે ચીજો નાશવંત છે તેના સામે જોવું પણ નકામું છે, એ તું સમજી શકે છે; પણ જો આ દુનિયાની

ચીજો તરફના મોહ તરફ તને ધિક્કાર છુટશે તો એ બધી ચીજો તારા કબજામાં આવી જશે, કારણ કે તારો એ ત્યાગ બક્ષીશની લાલચ અથવા બીકને લીધે નથી પણ ખુદાવંદ તઆલાની તાબેદારીના ફરમાનને લીધે છે. હક-સત્યની ખુબી-ના આશકોનું એમ કહેવું છે કે, "આ સમજી લે અને યાદ રાખી લે."

શહીદોના શાહ (એટલે ઇમામ હુસેન અ. સ.) કહે છે કે "ઓ, બારીતઆલા, મેં મારી જીન્દગી અને મારૂં કુટુંબ તારા ઇશ્કને ખાતર તજી દીધાં છે. મારી ઓરતો અને બચ્ચાંઓને વિધવાઓ અને યતીમો તરીકે રવડતા રાખીને હું તારી પાસે આવ્યો છું; તારી કમાલિયતના દીદારની મેં તલબ કરી છે અને જો તું મારા કટકે કટકા કરી નાંખે તો પણ મારૂં દિલ તારા ઇશ્કથી એટલું ભરપૂર છે કે તારા સિવાય બીજા કશાની તે કદી પણ આરઝુ રાખશે નહિ."

બરાબર વિચાર કરો અને નોંધી લ્યો કે પોતાના નિશ્ચય-માં તેઓશ્રી કેટલા મક્કમ હતા અને આ દુનિયા તરફ તેઓ નામદાર કેટલા બેપરવા હતા? કેટલી હદ સુધી તેમણે નિશ્ચય કર્યો હતો?! આ છે દુનિયાને ખરેખરી રીતે જીત્યાનો અર્થ!

તમે હવે જોયું છે કે દરેકે રાજા-ખુદાના તાબેદાર પ્રજા-જન બનવું જોઇએ કે જેના હુકમો તેણે બજાવવાના છે. હવે આપણે મારિફત અથવા ઉંચા ધાર્મિક જ્ઞાન બાબતમાં વાત-

ચિત કરતા હોવાથી ફરમાન બરદારી વિષે હું જે કહું તે બરાબર ધ્યાનથી સાંભળો.

ભાઇ, ઇતાઅત (ફરમાંબરદારી) એ ઇબાદત જેવીજ બાબત છે અને ઇબાદત એ મારિફતનો પાયો છે. ધાર્મિક સમજ અને ઇબાદત આ મખલુકાતના પાયા છે, ખુદ કુરાને શરીફમાં ફરમાવેલું છે કે (સુરા ૫૧. આ. ૫૬) "જીન્ન અને માણસો મારી બંદગી કરે તે સિવાય બીજા કારણ માટે મેં તેમને પેદા કરેલ નથી." અને ખુદાવંદતઆલાએ એમ પણ ફરમાવેલ છે કે "હું એક છુપો ખજાનો હતો, અને મને જાહેર થવાની ઇચ્છા થઇ અને માણસ જાતને એટલા માટે ઉત્પન્ન કરી કે તેઓ મને ઓળખે."

મહાન ધાર્મિક પુરૂષોએ મારિફત અને ઇબાદતને એકજ ગણેલ છે. હવે આપણે મુળ સ્વાલ ઉપર આવીએ. તમે એ સમજી શકો એ ખાતર મારે તમને શું કહેવું અને કેવી રીતે કહેવું તેની મને સમજ પડતી નથી. ભાઇ તું જાણે છે કે દુનિઆમાં અંધકાર વ્યાપેલો છે. દુસ્મનોનો જુલ્મ ચાલુ છે, દરેક ચીજ સખ્ત કસોટીમાંથી પસાર થઇ રહી છે; લોકો ટંટા ફિસાદમાં પડેલાં છે, બધાં જુદી જુદી દિશામાં વિખરાયેલા છે. દરેક પોતાના મત મુજબ ચાલે છે. કેટલાકો તો એવાની પૈરવી કરે છે કે જેઓ રાજમાર્ગના ધુતારા અને ચોર છે. જે સત્ય અને ખરૂં હતું તેની સાથે તેમણે દુસ્મનાવટ દાખવી છે. ધીમે ધીમે તેમના (લોકોના)

અંતઃકરણ કાળાં પડતા જાય છે અને કાનો બ્હેર મારતાં જાય છે; અંતઃકરણનો અવાજ સમજવાનું અટકી પડયું છે, બ્હેરાંઓના ટોળા આગળ ભાષણ કરવું નકામું છે કારણકે તેઓ સાંભળશેજ નહિ; પણ ભાઇ, અંતરાત્માનો અવાજ હોય છેજ; અને જો તું તે સાંભળી શકે તેમ હો તો આવ અને સાંભળ, કારણ કે એ વગર, ધર્મનો ખરો અર્થ તું સમજી શકશે નહિ.

"પોલાદી તરવારની તીણી ધાર જેવા આ શબ્દો છે, જો તારી પાસે ઢાલ ન હોય તો બ્હેતર છે કે પાછો ભાગી જા."

## ૬ 'ઇમામ'

હવે ખુદાવન્દ તઆલાની મદદથી ધર્મના મહાન સંત પુરૂષો (ઔલીયા) તરફથી ધર્મના મહાન શિક્ષણ–મારિફત માટે આપણા સારૂ શું નાઝલ થયું છે તે હું તમને કહીશ.

મારિફતના વિષયમાં દરેક વ્યકિતએ તેમના કહ્યા મુજબ વર્તવાનું છે અને તેમણે જે કહ્યું છે તે આ છે કે "ખુદાવન્દ તઆલાની જાત બાબતમાં ખોટો વાદવિવાદ નહિ કરો." હવે તમારૂં સઘળું બુધ્ધિબળ અજમાવો. તમારૂં બધું ધ્યાન એકાગ્ર કરો. તમને સમજાવવા માટે મને અને તમે સારી રીતે સમજી શકો એ માટે તમને ખુદાવન્દ તઆલા મદદ કરે. તે એક અગત્યનો અને ઘણો અઘરો વિષય છે.

જુદા જુદા લોકોના બાહ્ય દેખાવમાં જેમ ઘણો તફાવત હોય છે તેમ તેમની સમજ શકિતમાં પણ તફાવત હોય છે. એ બાબતમાં કોઇ એતરાઝ કરી શકે તેમ નથી. તમે જુઓ છો કે કેટલાકો બીજા કરતાં લાંબા અથવા ટુંકા હોય છે. કેટલાકના ચહેરા કાળા અથવા ઘઉંવર્ણા હોય છે; એવીજ રીતે તમે જોશો કે રીતભાતમાં મુખ્ય કે બીજી રીતે તફાવત હોય છે. તેઓ જાહેરી દેખાવમાં જેમ ભિન્ન છે તેજ મુજબ અંદરના ગુણોમાં પણ તેઓ જુદા જુદા હોય છે. જાહેર હમેશાં બાતુન પર આધાર રાખે છે. એક સમજુ પુખ્ત વયના માણસ સાથે જેમ આપણે વાત કરીએ તેમ એક બાળક સાથે વાત કરવાનું કેમ બને? બાળકમાં એ વાત સમજવાની કે સાંભળવાની ધીરજ કે સમજશકિત કદિ પણ હોઇ શકેજ નહિ; એક સમુદ્ર કુંજામાં કેમ સમાઇ શકે? દરેક માણસ પોતાનું ઘર પોતાના શોખ મુજબ બાંધે છે.

જુદી જુદી વ્યકિતઓની માનસિક ભિન્નતાને લીધે ઘણી હદીસો અને આયાતો જે આપણા માટે એ સંબંધે કહેવામાં આવેલ છે તે એટલી બધી અઘરી છે કે, નબીયે મુરસલ અથવા માલિકે મુકર્રરમ અથવા ખરેખરા મોમીન કે જેના ઇમાન માટે તેના હૃદયની કસોટી ખુદાવંદ તઆલાએ કરેલી હોય છે તે સિવાય બીજા કોઇ તે (હદીસો ને આયાતો) બરા- બર સમજી શકતું નથી. જો તમે તમારા દિલો અને આત્મા-

એમાં તમારી જાતે કોશિષ કરો તો (સમજી શકો.) જેમ ફરમાવેલ છે કે "જો તમે અખંડ ઇશ્કની શોધ કરનારા હો તો અમારા દરવાજામાંથી આવો."

ખુદાવંદ તઆલાની સિફત બાબતમાં વધારે વિચાર કરવાની મઝહબમાં મના કરવામા આવી છે. જો તું કોઇ ચીજને એટલી ઉંચી કલ્પે કે જેની પાછળ શું છે તેની કલ્પના તું કરી ન શકે તો તેનો અર્થ એ કે તારી કલ્પનાની તે એક હદ છે, નહિ કે તું તે માટેના ખરેખરા છેવટને પહોંચી શકયો છે.

"જે બધું ત્હારી કલ્પનાની બહાર છે, તે બધું ફકત તારી કલ્પનાની હદ છે, નહિ કે ખુદાવંદતઆલા. તેની સિફતને અકકલ તોજ જાણી શકે, જો એક તણખલુ સમુદ્રને તળીએ બેસી શકે."

ગુણ અથવા સિફાતનો અર્થ એ છે જે કામમાં તે દેખાઇ આવે અને જેમાં તેવા ગુણ અથવા સિફત હોય તેવા ગુણવાળા તરીકે તેનું વર્ણન કરી શકાય. એ મુજબ જેમ વર્ણન કર્યું તે મુજબ એકને એ નિશાનીથી તમે ઓળખી શકો અને તમને (ખુદાવંદ તઆલાની સિફત બાબતના) ચિંતન કરવાની જે ના પાડવામાં આવી છે તેનું કારણ એ છે કે (તેમ કરવાથી) તમે ગુંચવણમાં પડી ન જાઓ; સબબ કે તેની સિફાત જાણવાને તમે કોઈપણ રીતે શકિતવાન નથી.

તમે જુઓ છો કે ખરેખરી રીતે લોકો ખુદા-હક તઆલા બાબતમાં બોલતી વખતે પોતાની કલ્પના મુજબના સિફાત તેને લગાડે છે. દાખલા તરીકે અંધાપો એક ખોડ છે, એટલે તેઓ ખુદાતઆલાને માટે કહેશે કે, તે સર્વસ્વ જોવાવાળો છે. મુર્ખાઇને એક ખોડ સમજનારા લોકો કહેશે કે "ખુદાતઆલા દાના છે." એ મુજબ જે જે ખામી અથવા દુર્ગુણ પોતામાં દેખાય તેની વિરૂધ્ધની સંપૂર્ણતાને ખુદાવંદ-તઆલાની સિફાત તરીકે લોકો વર્ણવે છે. ઇમામ સજ્જાદ (એટલે ઇમામ જેનુલ આબેદીન અ.)મે ફરમાવેલ છે કે, એક હદીસ કે જે હ૦ રસુલિલ્લાહ સ. તરફથી દરજ થઇ હોવાનું તેઓ નામદાર જણાવે છે કે, હ. મહમદ અ.ની જીન્દગીના આખર વખતે લોકો ઘણા જીજ્ઞાસુ બની ગયા જે ઉપરથી કુરાને શરીફની સુરા ૧૧૪ નાઝિલ થઇ જેમાં ફરમાવવામાં આવ્યું છે કે, "કહે ખુદા એક છે." તમારી ધારણા મુજબ ખુદાવંદતઆલાને તમે જે સિફત લાગુ પાડો છો તે તમારી કલ્પનામાંથી આવે છે. ઘણાં મોટા ભાગે એ બનવા યોગ્ય છે કે, એક હયવાન પણ પોતાની ખુદની ખામીઓથી મુકત એવા સંપૂર્ણતાએ પ્હોંચેલાને પોતાનો ખુદા બનાવે.

હ. ઇમામ મહમદ બાકર (અ.) નો કૌલ છે કે, "બનવા જોગ છે કે, એકજ ડંખ હોવો એ એક પ્રકારની ખામી ગણીને એક નાનકડી કીડી, બે ડંખ ધરાવનાર (કીડી)ને પોતાનો ખુદા કલ્પે."

જો એમ છે તો, એ વાજબ છે કે, જે ધાર્મિક પેશવાઓ માત્ર એટલુ કહે કે, "અમે ખુદાની સિફ્ત છીએ" તેની પૈરવી કરવી. ભાઇ, ખરેખર માન કે તેઓ જે સાંભળે છે અને જુએ છે તે તે છે. સાધારણ માનવીઓ તેમની ફરમાંબરદારી કરવા સિવાય બીજું કાંઇ પણ કરવાને અશક્ત છે. કહેલું છે કે "જે મને ઓળખે છે તે ખુદાને ઓળખે છે." ભાઇ આની બરાબર નોંધ લે. આ સહેલાઇથી સમજાય એ સારૂ એક સ્પષ્ટ દાખલો અત્રે આપવાની અમને જરૂર જણાય છે. અજવાળું કે જે દિવામાંથી ઝબુકે છે તે ખરી રીતે પોતે દીવો નથી, પણ જો અજવાળું ન હોય તો દિવો શું છે અને તે કયાં રહેલો છે તે તમે જાણી શકશો? એ પ્રમાણે ફક્ત ઉજાસથીજ દીવો છે એની તમને ખબર પડે છે; અને એ ઉજાસ ઉપરથી દીવાને તમે ઓળખી શકો છો.

હું તમને આથી વધુ સ્પષ્ટતાવાળો એક બીજો દાખલો આપીશ. સુર્ય શું છે, એ સમજાવવા સારૂ તમે સુર્યને બતાવ્યા સિવાય બીજું શું કરી શકો? તેની જાતનો સુર્યજ ફક્ત મિસાલ છે. જો તમે સુર્યને જોવા માંગતા હો તો સુર્યનેજ જુઓ.

"જો તમે સાબિતી માંગતા હો તો એ તરફ દુર્લક્ષ નહિ કરો."

આ મુજબ તેઓ યાને ખુદાવંદતઆલાના ઓલીયા ખુદાવંદતઆલાનું જાહેરી રૂપ (સુરતે જાહેરી ખુદા) છે. ખરી

હકીકતોમાં તે સંબંધી ઇસારા છે પણ લોકો એમના વિષે વાંચી જાય છે પણ સમજતાં નથી. તેઓ કહે છે કે "તારા ઉપર આશિર્વાદ હોજો. ઓ ખુદાવંદતઆલાના નુરાની મિસાલ, ઓ તું, ખુદાતઆલાની આંખ, ઓ તું, ખુદાતઆલાના સાંભળવાના કાન, ઓ તું ખુદાતઆલાનો સખાવતી હાથ, ઓ તું ખુદાના લોહી; ખુદાવંદતઆલાના લોહીના પુત્ર!" એ મુજબ એ ચોખુ સમજાય છે કે તેઓ ખુદાવંદતઆલાની સિફાતો છે અને તેને ઓળખવાને તમારા ઉપર હુકમ થયેલ છે અને તેમની ઓળખાણ તે ખુદાવંદતઆલાની ઓળખાણ (મારિફત) બરાબર છે.

ત્યારે જે રૂપમાં આ હદીસ કહેવામાં આવેલ છે તેનો અર્થ બરાબર સમજ કે "જે કોઇ પોતાના જમાનાના ઇમામને ઓળખ્યા વગર મરી જાય છે તે કાફર અથવા મુર્તિપુજક તરીકે મરે છે. જે પોતાના (વખતના) ઇમામને નથી ઓળખતો તે ખુદાવંદતઆલાને નથી ઓળખતો."

આપણે જોયું છે કે દુનિયામાં ભિન્ન ભિન્ન જાતના લોકો વસે છે અને તેઓની માનસિક ભિન્નતાને લીધે પોતાની સમજ શકિત મુજબ તેઓ લોકો સાથે વાતો કરે છે તેથી તેમાંનાં કેટલાકને એમ કહેવામાં આવ્યું હતું કે તે (ખુદાવંદ તઆલા) નજરે દેખાતો નથી અથવા જેમ તે નિરંજન છે તેમ તે ઘણાજ સમજદારોમાંના કોઈની પણ બુધ્ધિથી પર છે. આમ કહેવાતું કારણ ફકત એટલુંજ કે સત્ય સમજવા તેમની સમજ શકિત

અસમર્થ છે, પણ ખુદાવન્દ તઆલાની મહત્તા અને પરિપુર્ણતાના જહુર એટલે કે અમિરૂલ મોમેનીન હ૦ મૌલા મુરતઝાઅલી (અ.) મેં ફરમાવ્યું છે કે "જો મેં તેને (ખુદા તઆલાને) જોયો ન હોત તો મેં તેની કદી ઇબાદત કરી ન હોત." જુદા જુદા લોકોના જુદા જુદા વ્યકિતત્વ અને બુધ્ધિમત્તા વચ્ચેનો ફરક જો તું બરાબર સમજે તો કેટલાક મંદ બુધ્ધિવાળા કે જેઓ આ બાબત સમજી શકે તેમ નહિ હોવાથી મારિફત યાને ઉચ્ચતર ધાર્મિક જ્ઞાનની બાબતો માટે ડોળઘાલુ રીતે બોલતા તું સાંભળે તેમનો તું તોલ કરી શકે. તેવાઓ માટે કહેવામાં આવેલ છે કે, "ઓ તું કે જે કાદવમાં પડેલ છે અને કાદવમાંથી કદી ઉપર આવતો નથી, અને કાદવથી ખરડાયેલા ચહેરાવાળા ઓ તું કે જેનો સ્વભાવજ કિચ્ચડ છે એવો તું પવિત્રતાની દુનિયાની બાબતમાં શું સમજી શકે? હા! માટીનુ પુતલુ કે જેના અણુંએ અણું માટીના બનેલા છે અને જે અંધારા અને ઝુલ્માતનું બનેલું છે, તે ઘણો મોટો વિચાર કરે તો તે ફકત માટીના શરીર અથવા સ્થુળપણાને લાગે વળગે તેટલા પુરતુંજ અનુમાન કરી શકે એમાં વધારે જે ચીજ તે ધારે તે પણ તેના પોતાના જેવી મખલુકાતને લગતીજ હોય છે એનાથી આગળ તે અનુમાન કરી શકે નહિ કે જાણી શકે નહિ. ફકત તે લોકોજ જેઓએ પોતાની અકકલ, અંતઃકરણ અને વિચારશકિતને પાક બનાવ્યા છે, તેઓજ પોતાના નફસ યાને હલકી મનોવૃતિની

સાથેની લાંબી લડાઇ પછીજ પોતાની બાતુની આંખથી વધારે જોવાની શકિત મેળવી શકે અને બીજાઓ જે સાંભળતા નથી તે સાંભળવાની શકિતવાળા પોતાના કાનો બનાવી શકે અને તેઓ (સાધારણ માણસથી ન બની શકે) તેવું તેઓ જોઇ સમજી અને સાંભળી શકે. આવી બાબતો દરેક જણને કેમ કહી શકાય અને બધાં દરેક બાબત કેમ સાંભળી, જોઇ કે સમજી શકે? ફકત તેઓથીજ એ બની શકે કે જેઓ પોતાની હકીકતી આંખોથી આ જુએ.

બીજાઓ (આગળ વધેલાઓ) માટે જે કંગાળ સિધ્ધી હોય તે સાધારણ માણસ માટે કેટલી સંતોષકારક અને મગરૂરીરૂપ પ્રાપ્તિ ગણાય? કહેલું છે કે જે ભલાઓ પાસેથી મેળવવું વાજીબ ગણાય તે જયારે (ખુદાવંદ તઆલાના) પસંદ કરેલાઓ પાસેથી મળે ત્યારે તે ગુન્હા ગણાય. જે લોકોની રૂહાની નજર નથી તેઓ જો ખુદાની હસ્તી હોવાનું અને મરણ બાદ ફરી સજીવન થવાનું છે, એટલું સ્વિકારે તો તેઓ પરહેજગાર ગણાય પણ જેઓને મારિફતનું જ્ઞાન હોય એવાને લાગેવળગે છે ત્યાં સુધી આટલું હોવું તદન અપુર્ણ બલ્કે ગુન્હા ભરેલું છે. જેમકે એક બાળક કાંઇ કરે તો તેની ઉમરના પ્રમાણમાં ઘણું હોશીયારી ભરેલું અને કુદરતી ગણાય પણ જો એવુંજ કામ કોઇ પુખ્ત ઉમરનો માણસ કરે તો તે તદન જુદીજ બાબત લેખાય, તેનું એ કામ ખચિત તદન હાષ્યજનક અને મુર્ખાઈ ભરેલું દેખાશે.

હ૦ ઇમામ હુસેન (અ.)મે બંદગી વખતે એક વખત ફરમાવ્યું કે "તારી જાહેરાત કરે એવો કોઇ તારા તરફથી મોજુદ છે? તું એવી રીતે કેમ છુપાઇ રહી શકે કે જેથી તારી હૈયાતી માટે સાબિતીની તને જરૂર પડે? તું માણસથી શું એટલો બધો દુર હોઇ શકે, કે હવે લોકો તારી હુઝુરી મેળવવા માટે યત્ન કરવા મને તારી તરફ બોલાવે. તને જોઇ ન શકે એવી દરેક આંખ અંધ બનાવી દે. જે માણસોએ પોતાના સ્વાર્થને લીધે પોતાના દોસ્ત તરફ ધ્યાન આપ્યું નથી અને પોતાના દિલમાં તેને જગા આપેલ નથી એવા માણસના એ વેપારમાં તેની મુડીનો નાશ થાઓ!"

હ૦ ઇમામ જાફર સાદિક અ. ને એક માણસે પુછ્યું કે "શું એ ખરી વાત છે કે કયામતને દિવસે ખુદાવંદ-તઆલા બધાને દિદાર આપશે યાને નજરે દેખાશે?" "હા" તે નામદારે જવાબ આપ્યો "તે (ખુદાવંદતઆલા) તે દિવસ પહેલાંથી નજરે દેખાય છે. તે ત્યારથી તેના બંદાઓને દિદાર દે છે કે જ્યારે તેણે (ખુદાવંદતઆલાએ) તેમને પુછ્યું કે હું જ તમારો મૌલા નથી? તમે તેને શું જોતા નથી?" જે માણસે આ સવાલ પુછ્યો હતો તેણે જવાબમાં કહ્યું કે "ઓ! મારા મૌલા, હું તને જોઉં છું. મને તારી સન્તાની રૂએ (બીજાઓને) કહેવાની રજા આપ." હ૦ ઇમામ (અ.) મે જવાબ આપ્યો કે "આ બાબત કોઇને કહેતો નહી કારણ કે લોકો મુર્ખ અને નાદાન છે, આને તેઓ કુફ્ર ગણીને તારૂં કહેવું તેઓ માનશે નહિ."

દિલથી જોવુ અને આંખથી જોવું એમાં તફાવત છે. ભાઇ જાણ કે આ બાબત અશ્રધાળુ માણસોથી હમેશાં છુપી રાખવામાં આવેલ છે, અને થોડાંક ઇતબાર રાખવા યોગ્ય માણસોનેજ એ જાણવાનો અધિકાર આપવામાં આવેલ છે, અને જો કોઈ કે જેની પાસે સત્ય છે યાને અહલે હકીકત-માંથી છે, તે કયાંઇ મળી આવે તો લોકો તેને ગાળો આપશે અથવા તેની મશ્કરી કરશે. આજ કારણથી અમે ઉપર કહ્યું તેમ લોકોના કાન બહેર મારી ગયા છે અને ઉપદેશકની ઝબાન ચુપ બની ગઇ છે.

એક કવિતાની કડીમાં હ૦ ઈમામ ઝયનુલઆબેદીન અ. ફરમાવે છે કે "મારા ઇલ્મના જવાહિરો હું હમેશાં છુપાવી રાખું છું કારણ કે અજ્ઞાનો તે જોતાં નથી અને સત્ય સમ-જતાં નથી. તેઓ તેની કિંમત સમજવાને નાલાયક છે. અગાઉ મારા દાદા અબુલ હુસન (યાને અલી ઇબ્ને અબુ તાલિબ) આ ઇલ્મ ધરાવતા હતા પણ તેમણે તે છુપાવી રાખ્યું હતું અને હ૦ ઇમામ હુસેન અ.ને અને તે પહેલાં હ૦ ઈમામ હુસન અ૦ને છુપું રાખવા માટે વારસામાં સોંપ્યું હતું. ઇલ્મના આ જવાહીરો ઘણા કિંમતી અને નિખાલસ છે પણ જો હું તે જાહેર કરૂં તો મારા ઉપર કુફ્રપણાનો આરોપ મુકવામાં આવે, કદાચ ધર્માન્ધો મને મારી નાંખવાનો પણ પ્રયત્ન કરે અને એ મુજબ ઘોર પાપ કરી બેસે. તેઓ એક નેક કામ કરે છે એવી માન્યતા નીચે મારૂં ખુન કરી બેસે."

અમીરૂલ મોમેનીન હ૦ અલી ઇબ્ને અબુતાલિબ (અ.)મે ફરમાવ્યું છે કે, "હું એવી ઘણી બાબતો જાણું છું કે જો તમારી પાસે ખુલ્લી થઇ જાય તો તે તમને એવી ઉશ્કેરી મુકનારી દેખાય કે એક છુટું દોરડું ઊંડા કુવામાં ઉતારવામાં આવ્યું હોય તે પાણીને હલાવી નાંખે પણ તળીએ પહોંચી શકે નહિ, એવા ઢીલા દોરડાની માફક તમને હલાવી નાંખે."

તે નામદારે વધુમાં ઉમેર્યું કે "હું આ દુનિયાના લોકો સાથે પક્ષીઓના ઉડતા ટોળાંની પાછળ ઉડતા પક્ષી જેવું મારૂં વર્તન રાખું છું. જ્યારે બધા ઉપડે ત્યારે ઉપડું અને એવી રચનામાં ઉડું કે કોઇ પણ એક બીજાને અડચણ કરે નહિ." પણ ખ્યાલ કરો કે આ બધું કરવા છતાં તેમના જમાનામાં લોકો તરફથી તેમને કેવી મુસીબતો વેઠવી પડી હતી? અને પોતાના ઇલ્મને એટલું છુપાવવા છતાં તમે જુઓ છો તેમ તે, ઇલાહી મહત્તા અને ગૌરવના ઝળકાટથી ચારે તરફ ફેલાઇ ગયું. આ બાબત ઊંડી વિચારણા માંગી લ્યે છે.

જો તમે આ બાબત ઉપર શાન્તિથી ખ્યાલ કરશો અને તેના ઉપર બરાબર મનન કરશો તો તમને એક અદભુત બાબત મળી આવશે. એ ઇલ્મ તેણે પોતે (એટલે હ. અલી અ. મે) અને તેના વારસો (ઇમામો)એ છુપુ રાખ્યું હતું અને એને ટેકો આપનારાઓ જો તેમાંનું કાંઈ જાણી શકતા તો તેઓ પણ દુશ્મનોના હાથે હલાકી ભોગવવાના ભયને કારણે તે છુપું રાખતા હતા; છતાં—આટલી બધી છુપાવટ હોવા છતાં

આસ્માનમાંથી એ ભેદ પૃથ્વીને જાણવા મળ્યો. એવી કઇ આંખો એટલી બધી આંધ છે કે જે આ જાણવા, સમજવા અને જોવા માટે અશકત છે?

ભાઇ, આ "ઝહૂર" શું હતુ? અને તે કેમ હસ્તીમાં આવ્યું તે હું નથી જાણતો. એ, અમારા મૌલા, એ મખલુકાતના મુળ કારણભુત, એ મખલુકાતના આખરી અંન્જામ તું શું હતો? એ ગહન ભેદ, તું પોતે તને કેવી રીતે હસ્તીમાં લાવ્યો? એ તું, નુરે હક, તું તારી મેળે (સ્વયંભુ) એવી રીતે ઝાહેર થયો કે દુનિયાના દરેક જણની વિચાર શક્તિ બહેર મારી ગઇ! તેં કયું જવાહિર જાહેર કર્યું છે કે તારી ઉત્પત્તિથીજ લાહદ જગાના અણુએ અણુમાંથી સ્તુતિ કરતા ફિરસ્તાઓનો નાદ પેદા થયો. એ ખુબીએ બકા! તારા ઉપર સલવાત હોજો. તારા ઉપર સલ-વાત કે તેં તારી જાતને છુપી રાખી છે છતાં તું આટલો બધો જગ મશહુર અને જાહેર છે, એટલો બધો કે ઘણાઓ તને ખુદા તરીકે સંબોધે છે. ખરેખર, જો તેં તારી જાત ઉપરથી આ પડદો દુર કર્યો હોત તો આંધળાઓની આંખ પણ ખુલ્લી ગઇ હોત અને તેઓ તારા તેજથી જાદુગરો બની ગયા હોત! ત્યારે મનુષ્ય જાત તને કેવી રીતે ગોતી શકે, તેઓ તને કેવી રીતે જોઇ શકે અને તેઓ તને શું કહે?

જો કે શાયરો ઘણે ભાગે બહુ આંધળા હોય છે, છતાં ઇલાહી તખ્ત નીચે કેટલાક એવા ખુણા છે કે, જેની ચાવી

કવિઓની ઝબાન છે. હદીસમાં જે કહેવામાં આવ્યું છે કે, "કેટલીક તકરીર તેમની કલ્પનાની બાબતોને બરાબર યોગ્ય છે." એનો આ અર્થ છે.

ભાઈ, આ બોધદાયક રસાલો મેં ઇમાનદાર લોકો માટે લખ્યો છે. તેમને સીધો રસ્તો બતાવવા સિવાય તેમાં મારો બીજો કાંઇ હેતુ નથી. અહલે હક (યાને સત્યના શોધકો) સિવાય બીજાને હું કાંઇ કહેતો નથી. મારા બાપદાદાઓએ "અહલે હક" સંબોધીને કહ્યું ન હોત તો હું પણ તેમને તેમ સંબોધત નહિ; પણ મારા વડવાઓ (ખુદાવંદતઆલાના તેમના ઉપર આશિર્વાદ ઉતરો) એ તેમ કર્યું એટલે મારે પણ તેમ કહેવું પડ્યું. પોતાના મઝહબની પેરવીની સચ્ચાઈ બાબતમાં હું કોઇ સાથે વાદ વિવાદ કરતો નથી. જેને જે ગમે તે પાળે.

ખુદાવંદતઆલાએ ફરમાવ્યું છે કે: "ખરેખર, ખુદા દુનિયાનો મ્હોતાજ નથી. એટલે કે તેને તેની મખલુકાત તરફથી કોઇ ચીજની ગરજ નથી અને જો તેઓને (દુનિયાના લોકોને) તેની (ખુદાવંદતઆલાની) ગરજ ન હોય તો તે તેઓનું કામ છે."

આપણા મૌલા (એટલે હ૦ અલી ઇબ્ને અબુતાલીબ) અ૦ ફરમાવે છે કે, "હ૦ રસુલ (અ.)મે પોતાનો સંદેશો પહોંચાડ્યો હતો અને મઝહબની જાહેરી બાજુ તેમને સુપ્રત

કરવામાં આવેલ હોવાથી તેમણે જહાદ ચાલુ કરી હતી, અને મારે (હ૦ **મૌલા અલીને**) બાતિન અથવા મઝહબના ઉંડા અર્થ (તાવિલ) સાથે સંબધ છે." તેણે બાતિનના અર્થ જુદી જુદી રીતે સમજાવ્યો કે જેમ પ્રખ્યાત હદીસમાં મળી આવે છે કે, "અબુઝર જો સલમાનનાં દિલમાં શું છે એ જાણી જાય તો તેને કાફર ગણે." અથવા એક બીજી જગ્યાએ ફરમાવેલ છે તેમ "તે તેને મારી નાંખે." એ ઉપરથી સાબિત થાય છે કે, હ૦ **આદમ** અ૦ના વખતમાં બલ્કે તેના અગાઉથી અને ખાતેમુલ અંબિયા (હ૦ **મહમદ** રસુલ સ૦) સુધી દરેક જમાનામાં અને દરેક યુગમાં મઝહરે ઝાતે અલ્લાહ હમેશાં રહેતા આવેલ છે; જેમ તમને કહેવામાં આવ્યું હતું તેમ અત્યારે પણ તે દુનિયામા હાજર છે; ફકત લાઅનતીઓ અને શયતાનો મઝહબને મજબુત વળગી રહેનારા ધર્મિષ્ટ માણસોને જેમ, તેમ કરતાં અટકાવે છે તેમ લોકોને એ જોવા દેતા નથી અને તેમને હક રસ્તો ભુલાવી અધોગતિમાં નાંખી દે છે.

ભાઇ, લાંબા ફેરવાળા રસ્તાઓ ગ્રહણ કરવા એટલે મકસદને પહોંચવું નહિ. જેઓ સીધા રસ્તાથી આડા જાય છે તે કદીપણ પોતાની મુરાદને પહોંચી શકતા નથી. તેઓ તેની પહેલી મંજલથી માર્ગ ભુલી હજારો વર્ષના છેટા સુધી દુર પડી જાય અથવા આખર તેઓ તેને તજી દે અને તેથી તેઓ રખડી પડે એ બન્ને સરખું છે. લોકો જુદા જુદા કિસ્મતવાળા હોય છે તેમાંના કેટલાક

સત્ય રસ્તાને બીલકુલ વળગી રહેતા નથી, કેટલાકો થોડા છેટા સુધી આગળ વધે છે અને ત્યારપછી લંગડાની માફક અટકી પડે છે. યહુદી લોકો તેમના ધાર્મિક આગેવાનો કે જેઓને ફકત દુન્યવી ફાયદાથીજ મતલબ હતી, તેઓના કહેવા મુજબ ચાલવાથી ત્યાંજ અટકી પડયા. તેમણે કેટલુંક ઇલ્મ જાહેર કર્યું, પણ આગળ જતા તેઓ લોકોને આડે રસ્તે લઇ ગયા અને પાછા તેઓ તેને (મુળ રસ્તાને) કદી પણ પકડી શકયા નહિ. ખ્રીસ્તી લોકો પણ ભુલાવામાં પડયા અને પાછળ રહી ગયા.

જો તમે બરાબર જોશો તો તમને જણાશે કે દરેક જણ કે જે ભુલાવામાં પડયો તે ધર્મમાં કાંઇ ખોટું હોવાને લીધે નહિ પણ દુન્યવિ મોજમજાના શોખીનોની ખોટી મનોદશાને લીધે એમ બન્યું. આવા કમનસીબ લોકો રખડી પડયા કે જેમણે મખલુકાતનો હેતુ શું હતો? તેઓ પોતે કોણ હતા? તેઓ કયાંથી આવ્યા? અને તેમને કયાં જવાનું છે એ તેઓ સમજયા નહિ.

અરબી હાશમી પેગમ્બરે (તેમની અને તેમની આલ ઉપર ખુદાવંદતઆલાના આશિર્વાદ ઉતરો) ફરમાવ્યું છે કે, "મારા જાનશીન (ઇમામો) અહલે બયત કુરાનથી જુદા થશે નહિ કે જે હક અને બાતિલનો ભેદ સમજાવે છે. એથી (એને વળગી રહવાથી) મારા લોકો હવઝે કૌશર ઉપર મને આવીને મળે." તેઓશ્રીએ ફરમાવ્યું કે "આ બેઉ પવિત્ર અને

પાક વસ્તુઓ છે જે હું અનામત તરીકે તમારી વચ્ચે છોડી જાઉં છું. જ્યા સુધી તમે આને વળગી રહેશો ત્યાં સુધી મારી પાછળ કદી પણ ગુમરાહ થશો નહિં; પણ હ૦ રસુલ (સ.)નું આવું ફરમાન હોવા છતાં, સ્વાર્થિ લોકો હ૦ રસુલના અંગત સગા–ઇતરત સંબંધના ફરમાનની બધી બાબત ભુલીને બીજી બાબતોમાં અગાઉથી મશ્ગુલ થઇ ગયા અને સત્ય રસ્તેથી ભુલાં પડી ગયા; અને લાલચ અને અધોગતિના ખાડામાં હમેશને માટે પડી ગયા. હ૦ આદમ (અ.) અને બીજા નબીયો કોના મઝહર હતા? અને તેમને શા માટે મોકલવામાં આવ્યા હતા? તેનો તોલ તેઓએ કર્યો નહિ. તેઓ પોતાને રસ્તે આંધળા થઇને ચાલ્યા અને તે (ખરો રસ્તો) તદ્દન ગુમાવી દીધો અને એ પ્રમાણે પોતાના અંતિમ હેતુને વિસરી ગયા.

"એટલા માટેજ ફરમાવેલું છે કે હું બધા નબીયો સાથે છુપાયેલો હતો કારણ કે જગત હજી પરિપકવ થયું ન્હોતું પણ જ્યારે હવે જગત પરિપક્વ થયું છે અને લોકો સમજવાને શકિતવાન છે ત્યારે હું (હ૦) મહમદની સાથે જાહેર થયો છું."

ઓ ખુદા, મારી ઇચ્છા એ છે કે હું એવી રીતે સમજાવું કે મારા શબ્દો એવા સાફ અને સમજવાને સ્હેલા હોય કે મારો કહેવાનો ભાવાર્થ સરસ અને નિખાલસપણે સમજાય. મને બીક લાગે છે કે આ વિષય જોઇએ તે કરતા વધુ લંબાણો છે કારણ કે હું કયામત સુધી લખ્યા કરૂં તો પણ આ અગત્યના વિષયને ઇન્સાફ આપી શકું નહિ.

બરાબર સમજો કે કલામુલ હક યાને ખુદાઇ વચન એકજ છે. તમારા કાનો અને આંખો ખોલો એટલે તમે ફકત એકજ કિતાબ નહિ પણ હજારો કિતાબો સમજવાને શકિતમાન થશો.

તમે કે જે હકના આશક છો તેથી ફકત તમારા ઇશ્કને ખાતરજ હું તમારી સાથે બોલી રહ્યો છું અને તેની (ખુદાવંદ તઆલાની)ની મદદ માટે દુઆ માંગુ છું. સુર્ય, ચંદ્ર અને સિતારા તરફ નજર કરો, કે જે પોતાના હંમેશના રસ્તાઓ ઉપર ચાલુ ચાલ્યા કરે છે. દિવસ વિતે છે અને રાત્રિ આવે છે, અને ફરી પાછું સવારનું પરોઢ આવે છે અને સાંજ પડે છે. દુનિયા ઘરડી બને છે અને ત્યાર બાદ પાછી તાજી બને છે. જેઓને આવવાનું છે તેઓ આવે છે અને ચાલ્યા જાય છે અને જે ચીજો હયાત નથી તે હસ્તીમાં આવે છે. કાર્ય માટે હંમેશા નવા કરવઇય આવે છે; તેમને દરકાર નથી હોતી કે આગળ કેટલાં બધાં હતા અને કેટલાં બધાં ચાલ્યા ગયા અને તેમનામાંના કેટલા બધા ત્યાં નહોતા?! તેઓ આવે છે પણ તેમને પાછા ચાલ્યા જવાનું છે, એની પણ તેમને દરકાર નથી હોતી.

જો એવું નિર્માણ થયેલું હોય કે ઇલાહી નુરની જરુરાત અમુક વખતે થવાની છે તો તે વખતે જેઓનો હજી જન્મ પણ થયો ન હોય તેમનો શો વાંક? અથવા તે પહેલાં જેઓ જીવંત હતા અને તેને ઓળખેલ નહિ હોય તેમની શી કસુર? તેમણે શું કરવું? (જો એમ હોય તો) લોકો હક રસ્તો કેવી રીતે મેળવી શકે અને તે ઉપર કેમ ચાલી શકે?

## ૭—ઇતરત અથવા અહલે બયત

આ ઉપરથી એ સાફ સમજાય છે કે દુનિયામાં દરેક જમાનામાં દરેક પળે એ સર્વ શ્રેષ્ટ પેશવા–રાહનુમા હોવોજ જોઇએ, મનુષ્ય જાત બચ્ચાંની માફક છે. તે પોતાની રીતે ભલે હોશિયાર હોય પણ તેની બુધ્ધિથી પર હોય એવી ઘણી બાબતો છે, જે માટે તેને એક ગુરૂની જરૂર છે કે જે તેને જરૂરી જ્ઞાન આપે. એક પુખ્ત વયનો માણસ પછી તે ગમે તેટલી વયનો હોય તેને પણ જે બાબતોમાં આગળનો અનુભવ નથી હોતો તે બાબતો માટે રહેનુમાની જરૂર છે.

આ મુજબ લોકોને મદદ કરવા સારૂ અને ખુદાવન્દતઆલાની ઇચ્છા હોય તો જેઓ ચાલુ જન્મે છે તે બધાંને ખુદાઇ નુરના જ્ઞાન તરફ દોરવા માટે દરેક જમાનામાં અને દરેક પળે એક રહેનુમાની ભારે અગત્ય છે અને તેણે (ખુદાવન્દતઆલાએ) પોતે ખુલાસો કર્યો છે કે, તેની આવી ઇચ્છા છે. "ખુદા જેને ચાહે છે તેને પોતાના નુર તરફ હીદાયત કરે છે." એક જમાનાથી બીજો જમાનો જુદો હોય છે. જમાનાના દરેક સમયને માટે નિર્માણ થયેલી બાબતો અને તેનો ઇતિહાસ હોય છે. ઇન્સાન જાતનો પેશવા એકજ હોય છે, જે જમાનાને બરની બાબતોમાં અનુકુળતા મુજબ અમુક બાબતો કરવા માટે ફરમાનો કરે છે અને બીજી બાબતો માટે મના ફરમાવે છે. વળી કદી અટકતી નથી, એવી ચાલુ

ફેરબદલી થતી હોવાથી અને જ્યારે ઇલાહી ઝહુર જે એક સાધારણ નાશવંત શરીરમાં થતું હોવાથી, આગળનાએ અનિવાર્ય રીતે જુદા થવું પડે છે અને મનુષ્યના લિબાસની માફક જામો બદલવો પડે છે અને પરિણામે નવાને પોતાની જગા (ગાદી) આપવાનું અગત્યનું થઇ પડે છે.

સામાન્ય લોકોની ફરજ છે કે તેઓ ફકત ખુદાવંદતઆલાનો હુકમ માથે ચડાવે. તેમને પોતાની મરજી મુજબ વર્તવાની અથવા એક ખરા હકદારની દરકાર કર્યા વગર પોતાની મરજી પડે તેને પોતાનો પેશવા ચુંટી કાઢવાની કોઈ સત્તા નથી. પેશવાઇ કે જે "ઇમામત" સંજ્ઞાનો ખરો અર્થ છે, તે ઘણીજ અગત્યતાનો ખાસ વિષય છે, તેને લોકોના ટોળાના ચુકાદા ઉપર છોડી શકાય નહિ.

હ૦ "**મહમદ**" અને "**અલી**" બેઉ એકનાજ જહુર હતા અને એકજ "નુર" હતું પણ તેઓ જુદા જુદા લિબાસમાં મનુષ્યો વચ્ચે એક બીજાના કાર્યમાં મદદ કરવા માટે આવ્યા કે જેથી લોકોને એક બીજાની ઓળખાણ આપી શકે; આટલું છતાં લોકો તેમને ઓળખી શકયા નહિ. ખલીફા તરીકે ચુંટણીમાં (હ૦) અબુબકર જાહેર થયા તે દિવસે સલમાને ફારસીયે પરર્શીયન (ફારસી)માં કહ્યું કે "કરદીદ–ના કરદીદ." એટલે કે "તમે આ કર્યું છે અને હજી તમે તે નથી કર્યું." એમ કહેવામાં તેનો એ હેતુ હતો કે તમે હ૦ રસુલિલ્લાહ (સ.) નો ખલીફો નીમ્યો અને છતાં હજી ખરી રીતે કાંઇપણ કરવામાં નથી આવ્યું. આ એક લાંબી કથની છે. યા અલ્લાહ!

પવિત્ર નુર કે જે હ૦ મહમદ રસુલ (સ.) અને હ૦ અલી (અ.) માં જલવાગર હતુ તે હ૦ ફાતમા ઝહેરા (ર.) મારફત તેના બે ફરજંદો "હસન" અને "હુસેન"માં જલવાગર થયું અને દુનિયાની કોઈ તાકાત નથી કે તે નુરને બુઝાવી શકે. ફરમાવેલું છે કે-"તેઓએ ખુદાવન્દતઆલાના નુરને બુઝાવી નાંખવા ઈચ્છા કરી પણ ખુદાવન્દતઆલા પોતાનું નુર છેવટ સુધી (એટલે કે પોતાના સંદેશાનુ કાર્ય સમ્પુર્ણ થાય ત્યાં સુધી) કાયમ રાખનાર છે."

ધર્મ દ્રોહીઓ અને ફિતુરીઓને આ ગમતુ ન હોય તો પણ આ "નુર" દુનિયામાં લોપ કેમ થઈ શકે? અથવા જે કાર્ય બર લાવવાનો નિર્ણય થયો છે તે કાર્ય બર લાવ્યા વગર એ પોતાની "ઝાત"માં પાછું કેમ જઈ શકે?

તેથી જે લોકો પાછળથી જન્મયા છે તેમણે શું કરવુ? તેઓ હક રસ્તાથી આડા અવળા ચડી ન જાય એ માટે તેમણે કોની પાછળ ચાલવું? અને એમ છતાં જેઓ તેને પિછાણે નહિ અને મનસ્વિપણે ખોટે રસ્તે જાય, તોપણ ખુદાવન્દતઆલાને રહેબર (હુજ્જત)ને મોકલવો પડે છે કે જે હમેશ તેમની સાથેજ રહે છે.

ભાઈ, હકનો બોલ એક છે અને હક તરફ જવાનો રસ્તો એક છે. હ૦ પયગમ્બર રસુલ (સ.) સાહેબે પોતાની આખરી વખતે ફરમાવ્યું કે: "આ કિતાબ (કુરાન શરીફ) અને અમારી

આલ (ઇતરત) કયામતના દિવસ સુધી કદી પણ જુદાં થશે નહિ.” છતાં એમ નહિ ધારતાં કે હાશમી કબિલાના બધાં વંશજો અથવા હ. પયગમ્બર (અ.) થી ઉતરી આવેલાં બધાં સૈયદો “ઇતરત” અથવા “અહલેબયત” છે. ખરી રીતે ઘણા સૈયદો સુન્ની થઇ ગયા છે તેમને ઇમામત અને સત્ય રસ્તા માટેની પેશવાઇ સાથે શું લાગેવળગે? ઇમામત એ જુદી બાબત છે. જ્યારે હ. ઇબ્રાહીમ (અ.) ને ખુદાવન્દતઆલા તરફથી ખલિલુલ્લાહ (ખુદાના દોસ્ત) નો ઇલ્કાબ મળ્યો ત્યારે તેને કહેવામાં આવ્યું કે: “અમે તને લોકોના ઇમામ નિમેલ છે.” ત્યારે તેણે અર્જ કરી કે: “મારા વંશમાં પણ એજ દરજ્જો રહેશે કે?” ત્યારે જવાબ મળ્યો કે “ઇમામતને લગતો મારો કરાર નીચ (જુલ્મગાર) માણસોના હાથમાં પડશે નહિ.” (યાને) જે તારા નજીકના સંબંધી હોવાનો દાવો કરે તે બધા લોકોને ઇમામો નિમી શકાય નહિ કારણ કે તેમાંના ઘણાઓ સાચા ધર્મિષ્ટ નથી હોતા.

તેથી “ઇતરત” અથવા હકદાર ગાદીએ આવનારા ખરા અર્થમાં ફકત એનેજ લાગુ પડે છે કે જે કાયદાસર “વસી” (વલી અહદ) તરીકે નિમાયેલ હોય. તેઓજ તે છે કે જે સત્ય રસ્તો બતાવી શકે છે અને જેણે પોતાના હકની રૂએ પિતાથી પુત્રે પેશવા (ઇમામ) તરીકેના દરજ્જાનો વારસો મેળવેલો હોય છે.

તમે હમેશાં જોતાં આવો છો કે, કોઇ એક વ્યકિતની પાછળ ટોળાબંધ લોકો જમા થાય છે, જેમનો હેતુ અમારા તરફ દુશ્મની દેખાડવા સિવાય બીજો કાંઇ હોતો નથી. જેઓ બળદના જેવા મુર્ખ હોય છે, તેવાઓને એ ટોળામાં દાખલ કરી દેનાર શયતાન હોય છે; તે એક પછી એકને છેતરે છે અને તેમના ઇમાનનો નાશ કરે છે.

હકીકતમાં જો દરેકને હ. પેગમ્બરના "ઈતરત"માંના એક મેમ્બર અને તેમના વસી તરીકે ગણી શકાયા હોત તો ઇમામોના ઝમાનામાં ઘણા સૈયદ હતા તેમને મોમીનોએ શા માટે પોતાના પેશવા તરીકે ગણ્યા નહિ હતા? તે શયતાન એવો છે કે જે પોતે એક પરહેઝગારનો વેશ ધારણ કરે છે, શરીયતની સખ્ત પાબંદી કરે છે અને નિમાઝ રોઝા વગેરેમાં પોતાનો ઘણો વખત ગાળે છે, પણ આ બધું કરવા છતાં તે જુએ છે કે ઘણા મોમીનો હ૦ પેગમ્બર અ૦ના—જેમ ખુદાવન્દતઆલાએ નિમ્યા હોય તેવી રીતે–પોતાની હકની રૂએના ખરા હકદાર ગાદી વારસોને અનુસરે છે, તેમનાં તરફની તેની (શયતાનની) કુદરતી દુષ્મનાવટ અને હંમેશના ધિક્કાર તેને તેમનાં વહીવટમાં વચ્ચે આવતા અને લોકોને છેતરતા અને ભુલાવામાં નાખતા અને જહન્નમ તરફ દોરી જતાં રોકે છે. જુઓ હ૦ પેગમ્બર (અ૦)મે કરેલી નીમણુંકથી કેટલા બધા લોકોને શયતાને ફેરવી દીધા કે જે તેમની પાસે જુદા જુદા સ્વરૂપમાં પોતાનાં મદદનીશો સાથે દેખાય

છે. જુઓ, કેટલા બધા ભોળાઓને તે પોતાની જાળમાં ફસાવે છે? તે બધાને ખુવાર કરે છે અને દોઝખમાં હડસેલી દે છે.

ઓ ખુદા! હ૦ પયગમ્બર અ૦ વફાત પામ્યા તે પ્હેલાં (ઇતરત બાબતમાં) છેલ્લા કલામ તેઓશ્રીએ ફરમાવ્યા હતા તે આ હતા.

અને ત્યારબાદ જે લોકો (આ ફાની) દુનિયાની બાબતોમાં બિલકુલ ફસેલા હતા અને જેના આ દુનિયાના માલીક જેઓ થનાર હતા તેઓ ભોળાઓની એક સંખ્યાને ઉંધે રસ્તે દોરવવા સિવાય બીજું કાંઇ કરી શકયા નહિં. અત્યારે પણ તમે જોઇ શકો છો કે ઘેટાના ચામડામાં છુપાએલા આ વરૂઓ કમનસીબ અને મુર્ખ મેંઢાઓ સાથે કેમ વર્તે છે? આમ જનતા એક ઘેટાંના ટોળાની માફક છે અને ભરવાડે તેને રસ્તો બતાવવો જોઇએ છે પણ જેઓ સ્થુળ મોજમજાહ સિવાય બીજાની પુજા કરતા નથી અને જેઓ અહલે હક (સત્યની શોધ કરનાર)ને ધિકકારે છે તેઓ જ્યારે તેઓને મોકો મળે છે ત્યારે ટોળાના ગોવાળના વેશમાં ઘેટાં જેવા દેખાતા વરૂઓ, ચોરની માફક આવે છે અને લોકોને ભોળવી આડે રસ્તે ચડાવે છે; તેઓ દેખાવે આબિદ જણાય છે, ધાર્મિકતાની બધી નિશાનીઓ તેઓ દેખાડે છે પણ એ બધું ફકત લોકોને છેતરવા પુરતુંજ હોય છે. કોઇપણ દેશમાં ઠગ ધુતારા અને ચોરોનો કાંઇ ટોટો નથી. તેઓ એવી ચાલાકીથી

ઇમાનને ચોરી જાય છે કે, તેની તમને ખબર પણ નહિ પડે અને તેનું કહેવું તમે વિશ્વાસ સાથે સાંભળશો.

જો કમનસીબ પંખી જાળમાં ફસાવવાનાં દાણા અને સાધારણ દાણા વચ્ચેનો તફાવત સમજતું હોત તો તે જાળમાં કેમ આવત? અને પોતાના સજાતીમાંના એકને જોઇને પક્ષીઓનું જે ટોળું એ જાળમાં ફસાયું તેને પોતાની પાછળ શામાટે આવવા દેત? ભાઇ, થોડીક ઉશ્કેરણીમાં આવીને ખરા રસ્તાથી દુર નહિ હઠ. જો તું રસ્તો કયાં છે અને ખાડો કયાં છે તે બરાબર જોઇ નહિ શકે તો ખચિત તું ખાડામાં પડી જશે. જયાંસુધી કારવાન–કાફલો પોતાની તરશ છિપાવવા હોઝે કૌશર સુધી ન પ્હોંચે ત્યાંસુધી તારા રાહબર ઉપરથી તારો હાથ ઉઠાવતો નહિ. ત્યારેજ તું જોઇ શકશે કે કાફલામાંના કેટલા ગોવાળની પાછળ ચાલ્યા અને આખરે તેમણે પોતાની પ્યાસ બુઝાવી? અને કેટલા બધાં ગોવાળ હોવાનો ડોળ ઘાલેલા ચોરની પાછળ ચાલ્યા અને પાણી નજીક કદી પણ પહોંચ્યા નહિ અને હલાક થયા? શું તું ખરેખર માને છે કે આ લોકો પાસે સત્ય છે? તેઓ પોતાની ફકત ઝબાનની વાકપટુતાથી ચાર શબ્દો અરબીમાં બોલીને ખરા રસ્તાના જાણકાર હોવાનો ડોળ કરે છે. આ બધું તરકટ છે. તેઓ ફકત જે ખરેખર નથી તે તમને બતાવીને ચાલાકી રમે છે; વળી જયારે તમે ચોકસી કરશો ત્યારે પણ જે જુઓ છો તે ખરૂં છે એવી છાપમાંથી તમે છટકી શકશો

નહિ; (પણ) જો તમારી પાસે સાધનો આવી જાય અને તેમની કળા તમે જાણી જાઓ તો તમે બરાબર સમજી શકશો કે તેમાં કાંઇ નથી; પણ જયાં સુધી તમે આ જાણતા નહિ હતા ત્યાં સુધી તમે માનતા હતા કે બીજાઓ પાસે નથી એવી કોઈ ખાસ શકિત તેઓ ધરાવે છે અને તેઓ જે કહે છે તે ખરૂં છે.

મારા દોસ્ત, ખરા રહેનુમા જે ફરમાવે તે ઉપર બરાબર ધ્યાન આપ, તેની નાફરમાની નહિ કર. એવું થવા નહિ દે કે ચાલાકી રમનારા અને ચોરો તને મુર્ખ બનાવી જાય. (તું બરાબર માન કે) તેઓ ચોર સિવાય બીજા કોઇ નથી.

અમીરૂલ **મોમેનીને** ફરમાવ્યું છે કે: "દરેક હિંમતવાન માણસ ચાલાક નથી હોતો, કોઇના દેખાવ ઉપર તમે તેને ચોર કહી શકો નહિ. બીજાઓને હોય છે તેવાજ તેમને માથું, આંખ, કાન વગેરે હોય છે, તેમ તમારે પોતાને પણ છે, ત્યારે તમે શું ચોર છો? કહેવત છે કે "જેમ દરેક દિલેર માણસ અકકલમંદ નથી હોતો" તેજ મુજબ જેની નજર સારી હોય છે તે દરેક ધાર્મિક જ્ઞાનના ભેદો જોઇ શકે એમ નથી હોતું; તેમજ જે સારી રીતે સાંભળી શકતા હોય તે દરેક મારિફતની સત્યતાનો અવાજ સાંભળી શકતો નથી. હું તમને હજી વધારે કહું, આ દુષ્ટ લોકો સાધારણ માણસોની પંકિતથી પણ નીચા છે,–કુરાને **શરીફ**માં ફરમાવેલ છે કે: "તેમનાં અંતઃકરણો એવા છે કે જે બ્હેર મારી ગયા છે. તેમની

આંખો એવી છે કે જે જોઇ શકતી નથી અને (તેમને) એવા કાનો છે કે જે સાંભળી શકતા નથી, તેઓ હેવાન જેવા છે બલ્કે હેવાન કરતાં પણ વધારે ક્ષુદ્ર અને મુર્ખ છે.” (સુરા ૭ આયાત. ૧૭૮)

ત્યારે જેઓ ઢોર જેવા યાને મંદ બુધ્ધિવાળા છે તેવાઓની પછવાડે તમારે શા માટે ચાલવું જોઇએ? અને ઇન્સાને કામિલ પાછળ તમે શા માટે ન ચાલો?

હ૦ રસુલ (સ૦)ના કહેવા પ્રમાણે વર્તીને તેના વસી (જાનશીન ઇમામે ઝમાન)ની ફરમાંબરદારી લોકો શા માટે નથી કરતાં તેની મને સમજ પડતી નથી. તેઓ પોતાનાં—હયવાની જુસ્સાને અનુસરે છે અને તેઓ એમ માને છે કે તેઓ જે જાણે છે તેજ ફરમાને ઇલાહી છે. જે કાંઇ તેઓની સમજમાં નથી ઉતરતું તે પાળવાને તેઓ સાફ ઇન્કાર કરે છે, પોતાના ખ્યાલ મુજબજ ઇલાહી મરજી અનુસરતી હોય એ રીતે તેઓ વાત કરે છે. દરેક જણ પોતાની મનઘડિત બાબત ઉભી કરે છે. હદીસ અથવા નકલને જુઠી કહે છે અને પોતાના જુઠાણા ઇમામોને લાગુ કરે છે. ખરેખર આ લોકોએ કેટલું ભયંકર નુકશાન કર્યું છે? તેઓ મનઘડિત ભરચક સાબિતીઓ પોતાની મેળે ઘડી કાઢીને ખુદાતઆલાએ મોકલેલ હુજ્જત અને ઇશારાઓ તરફ અખાડા કરે છે.

એક બયાન છે કે, આપણા મૌલા (હ.) મોલા મુરતઝા અલીએ ફરમાવ્યું કે:—"મઝહબમાં આટલા બધા મતભેદો દાખલ કરવાને શું આ લોકોને ખુદાવન્દતઆલાએ ફરમાવ્યું છે? અને (એ રીતે) તેમણે ખુદાવન્દતઆલાની ફરમાંબરદારી કરી છે? કે ખુદાવંદ તઆલાએ આવા મતભેદો અને બેદિલી તજી દેવા ફરમાન કર્યું છે તેની નાફરમાની કરી છે? અથવા શું ખુદાવંદતઆલાએ દીન અપુર્ણ જાહેર કર્યો છે કે આ લોકો તેને સંપુર્ણ બનાવે છે? અથવા શું તેઓ ખુદાવંદ-તઆલાના જોડીયા છે કે તેમને જે યોગ્ય લાગે તે તેમાં દાખલ કરે અને તે ખુદાવંદતઆલા મંજુર રાખે અને તેઓ જે કાંઇ કહે, તે ફરમાને ઇલાહી ગણવામાં આવે? અથવા શું એમ છે કે જો કે દીન ખુદાવન્દતઆલા તરફથી બિલ્કુલ સંપુર્ણ સિવાય અપુર્ણ જાહેર નથી થયો પણ હ૦ પયગમ્બર (સ.) લોકો આગળ તેને બરાબર રજુ કરેલ નથી? અને ખુદાવન્દતઆ-લાએ જે મુજબ ફરમાન કર્યું તે મુજબ પુરતી રીતે તેમનાં આગળ મુકેલ નથી?"

ભાઇ, શયતાનનો હાથ મજબુત છે અને તે લોકોની જીન્દગી કેટલી બધી મુશ્કેલ બનાવી મુકે છે?!

લોકોએ જે આ બધી નાફરમાની કરી અને ઉંધે રસ્તે દોરવાયા એ ફકત હ૦ પયગમ્બર (સ.)ના કોલની વિરૂધ્ધતા કરવાને આભારી હતું. સહુથી પ્હેલાંના વખતથીજ કે જયારે તેમણે હ૦ પયગમ્બર (સ.)નું છેલ્લું વસીયતનામું અને

ઇતરત યાને હકદાર ગાદી નશીનનો પાલવ મુકી દીધો ત્યાર-થી તેમ (નાફરમાની) કરવાની શરૂઆત થઇ છે. ખુદાવન્દ-તઆલાએ તેમને પોતાની મદદ આપી નહિ અને તેઓ કદી પણ નજાત પામશે નહિ.

આ ઉપરથી સમજાય છે કે હુાશમી વંશના અરબસ્તાનવાસી પયગમ્બર કે જે ખુદાવન્દતઆલા તરફથી આ લોકો પાસે આવ્યા, તેણે બીજા કોઇપણ પયગમ્બર કરતાં વધારે મુસ્કેલીઓ, અપમાનો, દુશ્મનાઇ અને અન્યાય વિના કારણ સહન કર્યા છે.

તેમણે હ૦ રસુલ (સ.) પોતેજ ફરમાવ્યું છે કે, "લોકો તરફથી જેટલી મુસ્કીલીઓ મને પોતાને સહન કરવી પડી છે એટલી બીજા કોઇ નબીને સહેવી પડી નથી." તેઓશ્રીએ લોકોને નાઉમેદી અને નિરાશાપણાના જંગલમાંથી છોડાવી હિદાયતના કિનારે લાવી મુક્યા. તેણે તેમને એક ચોખો સ્હેલો મઝહબ આપ્યો છે જેમકે તેમણે પોતેજ ફરમાવ્યું છે કે, "હું લોકો માટે આસાન મઝહબ લઇને આવ્યો છું." તેણે લોકોને મુર્તિપુજામાંથી છોડાવ્યા અને છતાં છેવટે મૌલાની તરવારની જરૂર પડી અને તેની તરવારના વારથી જ લોકો કેટલેક અંશે સત્ય રસ્તા ઉપર આવ્યા અને આખરે હ૦ પયગમ્બરને કેવો બદલો મળ્યો? જ્યાં સુધી તેઓ જીવ્યા ત્યાંસુધી લોકોએ તેમને ચાલુ દુઃખ આપ્યા કર્યું અને તેમની વફાત બાદ તેઓએ તેમના જાનશીનો અને વસીઓ

સાથે કેવું વર્તન ચલાવ્યું તે દરેક જણ જાણે છે. જ્યારે જ્યારે તેમનાથી બની શકયું ત્યારે તેમને તેમણે મારી નાંખ્યા. તેમના મદદનીશો જ્યાં જ્યાં મળી આવ્યા ત્યાં ત્યાં તેમને જુલ્માતભરી રીતે દુઃખ આપ્યું. આમ છતાં ફક્ત કુરાનનું નામ સાંભળ્યું એટલે ખુદાવન્દતઆલાની ઇબાદત તેમણે કરી એમ તેઓ માનતા; પણ જેમણે પોતે "ઇતરત" નો દામન છોડી આપ્યો, (યાને તેમનાથી જુદા પડી ગયા) તેઓ પણ એમજ કહેતા કે અમે કુરાન શરીફને કબુલ કરીએ છીએ. અરે, જો તમે હ૦ પયગમ્બર સ૦ કે જેમણે ફરમાવ્યું છે કે તેમના "ઇતરત" થી કુરાન જુદુ પડી શકનાર નથી અને તમે તેનો (ઇતરતનો) ઇન્કાર કરો છો અને તેમાંના કુરાનને કબુલ કરતા હો તો તમે કુરાનને કેવી રીતે માન્યું ગણાય? અને જો તમે તેને ખરેખર માનતા હો તો તમે તેના ખરા વસી ઇમામે ઝમાનને કેમ અનુસરતા નથી? અથવા તમે શું એવાઓને અનુસરો છો કે જેને તમે પોતે પિછાણતા નથી? સત્ય માનો કે આ બધા જુદા વિચારો હ૦ અબુબકરના જમાનાથીજ ફક્ત હસ્તીમાં આવ્યા છે કે જ્યારે એવી માન્યતા હતી કે તેમનામાંથી એક પછી એક ખલીફો છેલ્લા દિવસ સુધી થયાં કરશે.

ખિલાફત કે જે તેમણે ચાલુ કરી એવી આશાએ કે રોઝે કિયામત સુધી, તુટયા વગર તે ચાલુ રહેશે પણ જેમ બધા જાણે છે તેમ તેનો એકદમ અંત આવ્યો; પણ જો તેઓ

લોકોની દોરવણી માટે મોકલાવેલ ખરેખરા ખલીફા હોત તો તેઓ હંમેશાં ચાલુ રહ્યા હોત; પણ હ૦ અબુબક્ર, હ૦ ઉમર હ૦ ઉસ્માનના કાયદેસરના ગાદીવારસો ક્યાં છે? અને જો પ્હેલાં ખલીફા પછી આ અધર્મી અને કમભાગ્ય લોકોએ હ૦ પેગમ્બર સ૦ના વારસદારોને ખીલાફત આપવા માંગી હોત તો તેમણે હ૦ અબ્બાસ એક હાશમી તેમજ હ૦ પેગમ્બર સાહેબના કાકા થતાં હતા તેથી બની અબ્બાસીને સત્તા સોંપીને તેના (હ૦ પેગમ્બર સ૦ના) સીધા વારસદારોને શા માટે દબાવી દીધા? આ મુજબ ખિલાફત એવા કબીલાને આપવામાં આવી કે જેના હક માટે હ૦ પેગમ્બર સ૦ના અંતકાળ વખતે ઈસ્લામીઓના જુદા જુદા વિભાગમાંના કોઇએ પણ કદીએ દાવો કર્યો ન્હોતો પણ જો તેઓ હ૦ રસુલિલ્લાહ સ૦ના ખરા હકદાર વસી હોત તો અત્યાર સુધી તેમની સતાની કાંઇ પણ નિશાની શા માટે રહેવા નથી પામી? અત્યારે અબ્બાસીઓ ક્યાં છે? તેઓ અલોપ થયા છે એજ તેમનો દાવો જુઠ્ઠો હોવાની અચળ સાબિતિ છે. બીજી કઇ સાબિતિ જોઇએ? તેઓ ખરા ખલિફાઓના વંશમાંથી ન્હોતા કે જેમનું રોઝે કિયામત સુધીની અખંડતામાં ખંડન થવાનું બન્યુ ન હોય–આનો અર્થ એ છે કે શયતાને અજ્ઞાન લોકોને છેતર્યા અને બેવકુફ બનાવ્યા હતા.

વલ્લાહ! લોકો કબુલ કરે યા નહિ, તેનો હુકમ તેઓ ઉઠાવે યા નહિ, તેની પરવા કર્યા વગર હ૦ રસુલ સ૦નો

(ખરો) ખલીફો દુનિયામાં હમેશાં હાજર હોય છે. ખુદાવન્દ તઆલાના ફરમાનોની તાબેદારી કરનારાની દોરવણી માટે અને દુનિયામાં તેના મામલા બાબતમાં સુવ્યવસ્થાની સ્થાપના માટે તે અહિં (આ જગતમાં) હોય છેજ. લોકોએ હ૦ રસુલ સ૦ અને હ૦ મૌલા અલી સ૦ની પેઢી દર પેઢી ઉતરી આવેલા ગાદી વારસ (ઇમામને) ઓળખવા જોઇએ અને કબુલ રાખવા જોઇએ એ સિવાય તેઓ પેગમ્બર સ૦ તરફથી ઉતરી આવેલા છે કે નહિ તે કોઇ જાણી શકે નહિ. બનવા યોગ્ય છે કે હમણા હમણા "અકીલ" અને "અબ્બાસ" ના ઘણા વંશધરો છે કે જેઓ હ૦ રસુલિલ્લાહ સ૦ના વંશજો તરીકે મનાય છે પણ જો કે તેઓ ખરા સૈયદો તરીકે મનાય છે છતાં જેમ હ૦ મૌલા અલી સ૦ ના સાધારણ વંશજો કે જેઓ તેના અને ઇમામોના તાબેદાર હતા તેમની માફક ફકત તાબેદારો તરીકે હોવા જોઇએ.

દગો કરીને અથવા ખોટા બહાના નીચે કોઇ પણ તે માટે દાવો કરી શકે નહિ અથવા જેમ અબ્બાસીયોએ કર્યું તેમ હ૦ પેગમ્બર સ. ના વસી (ઇમામે ઝમાન) તરફ દુશ્મનાવટ રાખીને પોતાની મરજીમાં આવે તેમ કરવાનો હક ધરાવી શકે નહિ. એવાઓ જેમ તમે જોઇ શકો છો તેમ અબ્બાસીયો હતા તેવા, ખરા રસ્તાના અને હ૦ રસુલ સ૦ના હકદાર ગાદી વારસોના ખરેખરા દુશ્મનો હતા; અને એટલા માટેજ તેમને ગાળો દેવા સિવાય આજ સુધી તેઓ કંઇ કરી

શકયા નથી. જો હાલમાં તેમની પાસે કોઇ સત્તા હોત તો ખચિત કાંઇપણ વિચાર કરવાની દરકાર કર્યા વગર જેમ અમારા વડવાઓને મારી નાંખતા હતા તેમ હ૦ રસુલ સ. ના બધા ગાદીવારસોને તેમણે મારી નાંખ્યા હોત. હ૦ પેગમ્બર સ.ના વખતમાં ફક્ત હ૦ ઇમામ હસન અને હ૦ ઈમામ હુશેન તેમની ઇતરત અથવા હકદાર વસી હતા, નહિ કે હાશમી કબિલાના બધા માણસો.

દયાળુ ખુદા! લોકો તેમની સાથે કેમ વર્ત્યા તેનું વર્ણન હું કેવી રીતે કરી શકું? હ૦ પયગમ્બર સ૦ ની વફાત બાદ તુર્તજ લોકો કુરાને શરીફ તરફ બેદરકાર બનવા લાગ્યા. હ. રસુલ સ૦ ની ઇતરત યાને ખરા ગાદી વારસો કે જેઓ પોતાને લોકોની નજરથી દુર રાખતા તેમને યાદજ ન કર્યા. જેવી તેમના હાથમાં સત્તા આવી કે તુર્તજ આ બધી બાબતો તેઓ ભુલી ગયા.

ઇરાન અને બાયઝાનના શહેરોની ફતેહો માટે હ૦ રસુલ સ૦ સાહેબે આગાહી કરી હતી અને તે મુજબ બન્યું. હ૦ ઉસમાનના વખત સુધી ઘણા શહેરો કબજામાં હતા, ત્યારે લોકો ઇતરત સંબંધમાં વિચાર કરવા લાગ્યા પણ દુશ્મનોની શત્રુવટ અને ધિક્કારે લોકોને તેમને (ખરા ગાદી વારસને) તેમના હકની ગાદી ઉપર અભિષેક કરવા દીધા નહિ.

## ૮. કુરાન

કુરાને શરીફ કેમ લખી લેવામાં આવ્યું હતું તેની તવારીખમાં નોંધ છે તેમજ દરેક જણ તે જાણે છે. હમણા જે રીતે છે તેવી રીતેજ તે ન્હોતું. દરેક જણ પાસે તેમાંનો થોડો ભાગ હતો કે જે મોંઢેથી બોલી જતો. હ૦ ઉસમાનના વખતમાં સત્તાધારીઓએ થોડા ભાગો ચુંટી કાઢયા અને બાકીના રદ કર્યા. આના ઉપર વિગતવાર લખતાં ઘણું લાંબુ થઇ જાય. ત્યારબાદ તેમણે બીજી બધી કોપીયો જબરદસ્તીથી હાથ કરી અને તેને બાળી નાંખી.

એ મુજબ અસલ કુરાન કે જે હ૦ રસુલ સ૦ ખરેખર મુકી ગયા હતા અને જે તેની ઇતરત યાને ખરા હકદાર ગાદી વારસોના હસ્તક રહેતું આવે છે તે, લોકો પાસેથી લઇ લેવામાં આવ્યું હતું. પણ હ૦ રસુલ સ૦ ના ખરા હકદાર આ વસીયો (ઇમામો) હજી રહ્યા છે. એટલા માટેજ તેમણે–દુશ્મનોએ તેમને મીટાવી દેવા પોતાથી બનતું કર્યું, પણ ખુદાવન્દતઆલાની ઇચ્છા પુરી થવાની હતી અને "ઇતરત" રહેવા પામી. તેઓ હ૦ રસુલ સ૦ના ગાદી વારસો (ઇમામો) ને ચાલુ દુઃખ આપતા અને મારી નાંખતા; એમ છતાં તેઓ દુનિયામાં હજી હૈયાત છે અને ઇન્શાઅલ્લાહોતઆલા તેઓ દુનિયાના અંત સુધી રહેશે અને હ૦ રસુલ સ૦ ના અનુયાયીઓને ખરો રસ્તો બતાવશે અને જેઓ તેને (ઇમામને) નહિ અનુસરે તેની જવાબદારી તેમના પોતાના માથે છે તેઓ

પત્થરની મુર્તીની અથવા ગાયની પુજા કરતાં હતાં અને હજી પણ એજ હાલતમાં રહ્યાં છે, તેમની માન્યતા હજુ તેજ રહી છે. ફકત તેઓ હમણા અમે ઉપર વર્ણન કરી ગયા તેમ પોતાના "નફસ"—હલકા મનોવિકારની અથવા કોઇ બીજા હેવાનની પુજા કરે છે.

તેઓએ હ૦ રસુલ સ૦ ની ઇતરત (ઇમામે ઝમાન)ની વિરૂધ્ધતા કરી છે; અને જ્યારે તેમને તક મળે છે ત્યારે તેમને (ઇમામે ઝમાનને) અનુસરનારામાંથી અજ્ઞાનોને ભરમાવવા પોતાથી બનતું કરે છે. તેઓ તેમની વચ્ચે પરહેઝગારીના સાયામાં સુજીદા કરવાથી જમીન સાથે ઘસાઇને થઇ હોય એવી કપાળ ઉપરની નિશાનીયો સાથે આવે છે અને તેમને ઉંધે રસ્તે દોરવી જાય છે અને ખુવાર કરે છે.

ભાઇ, એમાં કાંઇ શક નથી કે હ૦ રસુલ સ૦ની વફાત પછી તેઓશ્રીની છેલ્લી વસીયતથી વિરૂધ્ધ જઇને જેમણે "પેશવાઇ" લીધી તેમનામાં કદી પણ સાચું ઇમાન ન્હોતું, નહિ તો વલ્લાહ આવી બાબત કેમ બની શકતે? તેઓ નામદારના કેટલાક ફરમાનો તેઓ જાણતા હતા, જેવાકે નિમાઝ રોજા વગેરે, પણ તેમણે બીજા ફરમાનો જેવાં કે હ૦ મૌલા અલીને પોતાના વસી તરીકે નિમણુંક કર્યા બાબતના અને બીજી બાબતોને લગતા હતા તે શું તેમણે ન્હોતા સાંભળ્યા? ખરેખર લોકોને ઉંધે રસ્તે ચડાવવાના ઇરાદાવાળી ઠગબાજી સિવાય આ બીજું કાંઇ નથી.

ભાઇ, ભુલ ખાતો નહિ. હું નથી કહેતો કે "બંદગી નહિ કરો" અથવા "રોજા નહિ રાખો." હું જે કહું છું તે એ છે કે જેઓ દાંભિકપણે વધુ બંદગી કરે અથવા રોજા રાખવા બાબતમાં વધારે પડતી વાતો કરે તેવાઓથી તારી જાતને છેતરાવા ન દેજે; પરહેઝગારીનો તેમનો આ દેખાવ બીજાઓ કે જેઓ આ બાબતમાં સમજવા જેટલા ચાલાક નથી હોતા અને જેઓ ચુનેચરા કર્યા વગર જે તેઓ જુએ છે તેને અનુસરનારા હોય છે તેમને છેતરવા પુરતોજ હોય છે; તેઓ તો ફક્ત એટલુંજ સાંભળે છે કે ફલાણો ફલાણો હંમેશા જવની રોટલી અને સુરકા ઉપરજ રહે છે, ઘણી ઇબાદત કરે છે અથવા રોજા રાખે છે અથવા ઘણી હજો કરે છે. આ બધી બાબતો ઘણી વાજબી છે અને ઘણી મહત્તાવાળી છે પણ જો એવા લોકોને મૌલા તરફ કાંઇએ ઇશ્ક નહિ હોય તો આ બધી બાબતો તેમને ભાગ્યેજ મદદગાર થઇ શકશે.

## ૯. ખરો દીન.

હવે આપણે આવી બાબતો ઉપર આવતા હોવાથી આપણે જોવું જોઇએ કે ખરો દીન એટલે શુ? ખરી ઇબાદત કઇ કહેવાય અને ખરી મારિફત કઇ કહેવાય?

ભાઇ, ઇસ્લામ બે સિધ્ધાંત ઉપર પ્રતિપાદન થયો છે. ફક્ત મોંઢેથી "કલમો" પડવો તે ધાર્મિકતાની બહારની બાજુ છે કે જેને ખરેખરા ઇમાન સાથે કાંઇ લાગતું વળગતું નથી.

હ૦ પેગમ્બર સાહેબે યાને કુરાને શરીફમાં મુનાફકોને સંબોધીને ફરમાવેલું છે કે (સુરા. ૪૯ આ. ૧૪) "એમ નહિ કહો કે અમે ઇમાન લાવ્યા છીએ પણ એમ કહો કે અમે ઇસ્લામ આણ્યો છે. ફક્ત ખુદાતઆલાજ તમારા દિલોમાં ઇમાન મુકી શકે છે." જેમ હ૦ રસુલ સ૦ ફરમાવ્યું છે તેમ ઇમાન અને ખાલી બ્હારના ઇસ્લામ ધારણ કરવામાં ફરક છે. આ બાબતની પુરતી છણાવટ અમે ખુદાવન્દતઆલાની મદદથી કરીશું.

## ૧૭. ઇબાદતના સ્વરૂપો.

જો તમે આનો ફરક સમજવા માંગતા હો તો ભાઇ જાણો કે અમે ઉપર કહી ગયા તેમ રાત્રી અને દિવસને ત્રણ સરખા ભાગમાં વ્હેંચી નાખવા જોઇએ અને દરેકને ખાસ કામને માટે રોકી દેવા જોઇએ. શરીરથી બંદગી કરવી તે પોતાના જાહેરી આમાલની સાધારણ બજવણી છે. ખ્યાલની બંદગી, ખરાબ વિચારો કે જે માટે ખુદાવન્દતઆલાએ મના ફરમાવેલ છે તેનો સંયમ અને સાધુ પુરૂષો (મહેરબાન) ના દાખલાઓમાં મળી આવે છે, તેવા સારા અને ધાર્મિક બાબતો ઉપરના એકીકરણની બનેલી હોય છે. તેણે તેની સુરત પણ પોતાના દિલમાં હરહમેશ રાખ્યા કરવી જોઇએ અને જેને ખુદાવન્દતઆલાએ રદ કર્યાં છે તેવા દીનના દુશ્મનો તરફ બેદરકાર બનતા શીખવું જોઇએ. આસ્તે આસ્તે તમારૂં આખું શરીર તેમના તરફના સન્માનથી ભરાઇ જશે અને તમે

ખુદાવન્દતઆલાના દોસ્તો—ઔલીયામાંના એક બની જશો કે જેમને તેના (ખુદાતઆલાના) દુશ્મનો સાથે કાંઈ લેવા દેવા નથી. ખુદાતઆલાના મહેણુઓ માટેનો આવો હમેશનો ખ્યાલ જાહેર આમાલ કે જે બજાવવાની ફરજ છે તે ફરજોમાંની કોઈ ફરજ બની નથી જતો પણ તમે જો આ ઉપર બરાબર વિચાર કરશો તો (તમને સમજાશે કે) બધી અગત્યતા આનીજ છે. ખરાબ વિચાર એ વસ્તુ છે કે જે તેના બધા રસ્તા અને રૂપમાં આસ્તે આસ્તે માણસને ખુવાર કરે છે. જેવી રીતે એક ઘરની અંદર આગ લાગી હોય તેથી દિવાલો અને બારી બારણા ધુમાડાથી કાળા બને છે; ભલે પછી તે (આગ) તેને સદંતર બાળી ન નાંખે. એ મુજબ એ પ્રકારના વિચારમાંજ શયતાનનો હાથ ચંચળ બને છે. આ બાબત બરાબર સમજો અને વિચારોની પવિત્રતા મેળવવા પ્રયત્ન કરો. શું એ ખરૂં નથી કે એક માણસની પાસે જે ચીજ હોય તેના ઉપર તેનો મોહ હોય છે બલ્કે તે ચીજને તે સ્વપ્નામાં પણ જુએ છે?!

હદીસમાં કહેલું છે કે "કિયામતને દિવસે ખુદાવન્દતઆલા દરેકને જે ચીજોમાં તે વળગેલો તરફ મહોબત ધરાવતો) હશે તેમાંથી તેને ઉભો કરશે, પછી ભલે તે (ચીજો) સાદા પત્થરો હોય!" એટલા માટે દરેક જણ કે જે હ૦ મોહમદ અને તેની અહલેબેતને વળગી રહેલ હશે તે કિયામતને દિવસે તેમની (અહલેબેત) સાથે ભળેલો હશે અને એ મુજબ દરેકને

ખુલ્લું દેખાશે કે તેની જીન્દગી દરમિયાન તે તેને વળગી રહેલ હતો; જો તેમ નહિ હતે તો તે બીજા લોકોમાંથી ઉભો થયો હોત.

તારા નફ્સના વિકારોની ઇબાદત એ છે કે એવા ઇલ્મથી દુર રહે કે જે જાહેર રીતે સાધારણ ઇલ્મ છે પણ બાતિનમાં તે દીનને ખરાબ કરનાર સુરંગ જેવું છે. દરેકે તે તજી દેવું જોઇએ, કારણ કે એમ નહિ કરો તો, ખુદાના ગઝબનો ડર રાખો.

કિયામત જેવી કોઇ ચીજ નથી એમ નહિ કહો. તે છેજ અને તે એ કે જે બદલો વાળે છે અને સજા કરે છે, તે બદલો લેશે. ખુદાને નારાજ કરવાની આ બીક તેના (ખુદાતઆલાના) ખરા દોસ્તોને નારાજ કરવાનું લક્ષણ છે. જે ખરી ધર્મનિષ્ટાની સાથે બંધ બેસતી ન હોય એવી કેળવણીથી તમારે દુર રહેવું જોઇએ. કોઇએ દુશ્મનોના ઇલ્મ હાસલ કરીને ખુદાતઆલાના દોસ્તોને પોતાથી દુર રાખવા જોઇએ નહિ.

કહેલું છે કે "જે કોઈ શક લાવે છે તે જુઠો છે. તે આપણામાંનો એક છે, પણ દુશ્મનોની સિફાતોથી ઢંકાયેલો છે અને દરેક રીતે આપણા પોતા કરતાં બીજાને મળતો છે."

ઇસરાઇલોના પેગમ્બરોમાંના એકને એવી "વહી" ઉતરી કે "મારા દોસ્તોને કહો કે, તમે મારા દુશ્મનો સાથે ભેળાઇ

જાઓ નહિ, કદાચ મોકો મળતાં તેઓ (દોસ્તો) પોતેજ મારા દુશ્મનો બની બેસશે." એટલા માટે દરેકે ખુદાવન્દતઆલાના દોસ્તો સાથેજ ભેળાવું જોઇએ. શું તમે નથી જોયું કે એ મુજબ નહિ વર્તવાથી કેટલા બધા અજ્ઞાન માણસો ખુવાર થયા છે?

શકને જરા પણ જગ્યા આપ્યા વગર મજબુત યકિનવાળી સ્થિતિમાં હંમેશાં રહેવું અને અકલ પરસ્તી કરવી. મૌલાએ ફરમાવ્યું છે કે "તમે પોતે જરાપણ શંકાને સ્થાન આપતા નહિ." જેવો તમે જરા શક ઉત્પન્ન થવા દીધો કે તુરતજ તમે કાફિર બની જશો અને ખુદાની રહેમત ખોઇ બેસશો, કારણ કે "શક" એ તેના-ખુદાતઆલાના-દુશ્મનનું એક લક્ષણ છે. તેથી તમારા દીની ખ્યાલમાં હંમેશાં અડગ રહો.

દીલની બન્દગી, હ૦ પેગમ્બર સ. અને અહલેબેત પંજતનપાક તરફ સદા અથાગ પ્રેમ હોવો અને મૌલા અને તેના ગાદી વારસ (ઇમામો) માટેનો અતુટ ઇશ્ક અને તેમને તમારા અંતઃકરણોમાં દોરવણી આપનાર તરીકે-તેઓજ તમારૂં સત્ય છે-એવી માન્યતામાં સમાયલી છે. જ્યારે જ્યારે તમને હ૦ રસુલ સ. અને તેમની અહલે બેત માટે ઇશ્ક થાય ત્યારે ત્યારે તમે ખુદાવન્દતઆલાની બન્દગી કરી છે. (એમ સમજજો.)

જેઓ આ પ્રમાણે વર્તતા નથી તેમને ખુદાતઆલા પોતાના દુશ્મન તરીકે ગણે છે. ખુદાએ કોઇ ખરાબ વસ્તુ પેદા કરેલ

નથી. લોકો પોતાના કૃત્યોથી ખરાબ બન્યા છે. હ૦ ઈમામ **જાફર સાદકે** કહેલી હદીસ શું તમે નથી સાંભળી કે કોઇ માણસે તેમની હાજરીમાં ખુદાવન્દતઆલા પાસે વારંવાર એમ બોલીને દુઆ માંગી કે, "યા ખુદા! મને બહેસ્તમાં દાખલ કર!" ત્યારે હ૦ ઇમામ સ૦ ફરમાવ્યું કે "આવી રીતે દુઆ માંગો નહિ, પણ કહો કે "અલ્લાહ! મને બહેસ્તમાંથી કાઢી નહિ મુકજે." આનું કારણ એ છે કે જયાંસુધી તમે એવું કાર્ય ન કરો કે જેની શિક્ષા તરીકે તમને બહેસ્તમાંથી હાંકી કાઢવામાં આવે ત્યાંસુધી તમે બહેસ્તમાં રહેવાના છો, અને જેવું તમે કાંઈ દુષ્ટ કૃત્ય કર્યું કે તરતજ તમારે તે (બહેસ્ત) છોડી દેવું પડશે.

## ૧૧. ઈમાન.

આ ઉપરથી સાફ સમજાય છે કે, "ઇમાન" હૃદયમાંના ઇશ્ક સિવાય બીજી કોઇ ચીજ નથી, અને તે બાબત સમજવા સ્હેલી બને એ માટે અમે એક દાખલો આપીયે છીએ.

ઇમાન એક ઝાડની માફક છે, જેના મુળ અંતઃકરણની અંદર ઉતરે છે, તેનું થડ અકલ છે, અને ડાળીયો નૈસર્ગિક બુધ્ધિમાં છે, જયારે કલ્પના તેના નવા કુંપળો છે અને પાંદડા શરીરના જ્ઞાન તંતુઓ છે. ઈમાનનો પાયો મૌલા તરફનો ઇશ્ક છે અને જો આ પાયો યાને આ ઇશ્ક અને ઇમાનનું મુળ મજબુત અને સારી હાલતમાં હોય તો ઝાડના બીજા ભાગે

જેવાં કે થડ, તેમની ડાળીયો અને પાંદડા પારંગશે, પછી ભલે તેને (સંજોગવશાત) કાંઇ નુકશાન પહોંચ્યું હોય; એથી ઉલ્ટુ જો મુળ જમીનમાં ઊંડા ઉતર્યાં નહિ હોય અથવા કદાચ સડી પણ ગયા હોય તો આખું ઝાડ તરતજ સુકાઈ જશે અને પછી બળતણ સિવાય બીજા કોઇ ઉપયોગમાં તે આવી નહિ શકે. એ મુજબ મૌલા તરફનો ઇશ્ક ઇમાનનું મુળ હોવાથી બધું છે. જો તે મજબુત નહિ હોય તો જાહેરી આમાલ કે જે ઝાડના પાંદડા જેવાં છે તે કરમાઇ જશે. જો તમારી પાસે તાજા અને સારા રંગવાળા એક હજાર મણ પાંદડા હશે તો તે થોડા વખતમાં સુકાઇ જશે અને પછી એક ન્હાનકડો આગનો તણખો તેને તદન બાળી નાંખવા માટે પુરતો થશે.

જો તમારામાં મૌલા તરફનો ઇશ્ક હશે અને જાહેરી આમાલ વધારે બજાવી નહિ શકો છતાં તમે મોમીન–ઇમાનદાર રહેશો; કારણકે જોકે તમારી (બાહ્ય) વર્તણુંક સારી ન હોય છતાં તમારો સ્વભાવ હજી ખરાબ નથી, એ માટે ખુદાવંદ-તઆલાની માફીની આશા રાખી શકાય, પણ જો એથી ઉલ્ટુ હોય તો તમારે માટે અફસોસ! દસ હજાર રોજા અને નિમાઝ તમને કાંઇ કામ નહિ આવે. શું તમે નથી જોતા કે જે મકાનનો પાયો મજબુત નહિ હશે પણ તેની બધી દીવાલોને સોનેરી ઓપ ચડાવેલ હશે અને તેને સુંદર નકશીદાર રીતે રંગેલ હશે છતાં તે પવનના એકજ ઝપાટાથી પડી જશે અને તમારી બધી મહેનત અને ખર્ચ નકામાં જશે. એથી ઉલ્ટુ

જો તેનો પાયો ખાત્રીલાયક રીતે મજબુત હશે તો અને તેવી દિવાલોને ફક્ત રંગ રોગાન કરેલ નહિ હોય તો તે મકાન ખરેખર મજબુત હશે; તે ફક્ત એટલુંજ બતાવે છે કે તેને સાફ રાખવામાં આવેલ નથી પણ તેનું બાંધકામ મજબુત છે.

મૌલા તરફનો તમારો ઇશ્ક કે જે ઇમાનનો પાયો છે અને તમારી દીલી બન્દગી અને સચ્ચાઇ (હકીકત) પણ તેમજ છે; તો જ્યાં સુધી તે સજીવ છે ત્યાં સુધી કોઈપણ પ્રકારનું પાપ તેનો વિનાશ કરી શકશે નહિ, પણ જો (દિલમાં) હ૦ અલી સ. તરફની દુશ્મનીની જરાપણ લાગણી હશે તો કોઇપણ પ્રકારનુ સવાબી કામ મદદ રૂપ નહિ બને. મૌલા અલી તરફનો ઇશ્ક બધાં પાપો ધોઇ નાંખે છે.

મનકુલ છે કે કોઇએ એક ઇમામ સ૦ને કહ્યું કે. "તમારા મુરીદો ઝઘડાઓ ઊભા કરે છે અને તેથી અમે તેમને બળવાખોર અને હરામખોરો ગણીએ છીએ." એનો જવાબ એ હતો કે, "નહિ, અમારા મુરીદો અમારા મિત્રો છે અને અમારા મિત્રો પોતાના ગુન્હાઓ માફ થયાં પહેલાં મરતાં નથી. આ દુનિયામાં હરામખોર અને બળવાખોર તેજ છે કે જે અમારો દુશ્મન છે."

ખચિત એવા મુર્ખ દોસ્તો પણ પડયા છે કે, જેઓના કાર્યો વાંધાભર્યા અને નુકશાનકારક હશે, પણ તેમના ઇરાદાઓ

અને હેતુ નેક અને પાક હોય છે. કિયામતના દિવસે તેઓ સફેદ ચહેરાઓ સાથે ઊભા થશે કારણકે તેમના ગુન્હાઓ આજ દુનિયામાં માંદગી, ધંધાની નુકશાની અથવા જુલ્મગારોના જુલ્મ જેવી સજાથી બક્ષાયેલા હોય છે. મોમીનોના એવા ન્હાના ગુન્હાઓ પણ હોય છે કે જે માટે તેઓને ભયંકર સ્વપ્ન જોવું પડે છે.

આ બાબતમાં હ૦ પેગમ્બર સ. તરફથી એક હદીસ પણ છે પણ લંબાણ થાય એ ખાતર અમે એ છોડી દઇએ છીએ.

હવે તમે સમજી શકો છો કે, તમારૂ બાતુની કે જાહેરી દરેક કાર્ય એક ખાસ પ્રકારની બંદગી રૂપ છે, વળી બંદગી એજ મારિફત છે. તેઓ એક બીજાથી જુદા પડી શકતા નથી, અથવા જુદા હોઇ શકતા નથી. એ મુજબ તારી આંખની મારિફત એ છે કે, એ ઇન્સાનની સુરત કે જે તારો રહેનુમા છે તેને તે ઓળખે, એજ ખાસ શખ્સ છે. (જો કે) જાહેરીમાં તેના બધાં કામકાજ સાધારણ ઇન્સાન જેવા હોય છે.

પણ આવી આંખથી તેના સ્વરૂપને પકડી નહિ શકાય. તેને દિલમાં પણ–દિલની અંદરની નજર કે જે આંખની નજર કરતા જુદી હોય છે તેનાથી નિરખવો જોઇએ. દીલ જે જુએ છે તે "નુરાનિયત" છે, એના અર્થ સંબંધમાં આથી વધુ હું કાંઇ કહી શકતો નથી, આ એક મખફી બાબત છે કે જે તમે સમજી શકશો નહિ.

આ મુજબ તમારા પોતાના મનોવિકાર—નફસે અમ્મારા સાથેની લડાઇથી અને મહેનત અને ઇબાદતમાં ખુદાવન્દતઆલાની મદદથીજ તમારા દીલોમાંના જીવન્ત આત્મિક જ્ઞાનથી અંતરાત્માના અવાજની ચોકસાઇથી, ધાર્મિક જ્ઞાનના અભિયાસ અને તેની પ્રાપ્તિથી અને તમારી ફરજોની બજવણીથી જેમ વિગતવાર વર્ણવેલ છે, તે મુજબ આત્મિક શુધ્ધિનો ઉંચો દરજ્જો મેળવી શકશો. તમે જો આ બધુ કરશો તો તમે જેની શોધમાં છો તે દરજ્જે પહોંચશો. તમારે તેની શોધ કરવાની છે અને તેમાં તમને બેનસીબ નહિ રાખવા એ એના (ખુદાવન્દતઆલાના) ઉપર આધાર રાખે છે.

ભાઇ, બે બાબતની તારે નોંધ લેવાની છે. પહેલી એ છે જે આ ન્હાનકડા રસાલામાં રૂહાની બાબતોને લગતી છે, જે અમે સારી રીતે અને સારા શબ્દોમાં હદીસો અને કુરાને શરીફની આયાતોના ઉતારાથી હદ ઉપરાંત બોજારૂપ બનાવ્યા વગર વિગતવાર સમજાવેલ છે; બીજું એ કે આ બધી બાબતો દરેક જણને કહેવાથી કાંઇ ફાયદો નથી અને આ રસાલો ફકત એવાઓ માટેજ છે કે જેઓ અલ્લાહ અને તેના પેગમ્બરના ફરમાનો પાળે છે અને તેમને એ રીતે પિછાણે છે.

આ વિષયમાં બીજાઓ સાથે વાદવિવાદમાં ઉતરવાની કે બીજું કાંઈ કરવાની અમને જરૂર નથી અને જેઓને આ સાથે સંબંધ છે તેમના ઉપર આ વાંચ્યા પછી ખુદાવન્દતઆલાના

કેવા મહાન આશિર્વાદો ઉતરે છે તેનો તેઓ ખ્યાલ પણ નહિ બાંધી શકે, તે તેમનું કામ છે.

અમે જે કહ્યું છે તે એવાઓને સંબોધીને કહ્યું છે કે, જેઓ આ સમજવાની શકિત ધરાવે છે.

આ કિતાબની શરૂઆતમાં બે સ્વાલોની છણાવટ કરવાનું અમે વચન આપ્યું હતું, તેમાંના એક "મારિફત" અને "હકીકતે દીન"નો હતો. બીજો ધર્મબંધુઓ વચ્ચે પરહેજગારીથી રહેવાના કાનુનોને લગતો હતો, પણ આવા જીવનના કાનુનોના સ્વાલને હાથ ધરવાં પહેલાં મારે રોઝે કિયામત અને તે દિવસે કેટલાકને લાગનારી શરમ સાથે સંકળાયેલી આ બાબત મારી કૃતિની હદની બહાર હોવા છતાં, તે બાબત માટે વિગતવાર સમજાવવું પડયું છે.

આમાં આપણને "ખુદા" મદદગાર થાઓ. ભાઈ, પેલું કહેવત યાદ કર કે :-

"તમારા પાસેથી બીજાઓ હિસાબ માંગે અને હિસાબને લગતો સ્વાલ ઉપસ્થિત થાય તે પ્હેલાં તમારો હિસાબ ચોકખો કરી નાંખો

# સમાપ્ત.